


આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૮૩ (ચાલુ) વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪ વૈશાખ

વાર્ષિક લવાજમ રૂા. ૭


# મધુર ઝરણા

સુખકી લાલસા સચ્ચી વ્યાધિ હૈ, દુઃખ ઊસકા ઉપચાર હૈ. અગર સુખકે પીછે પડે તો સુખ દૂર ભાગતે હૈ. સચ તો યહ હૈ કી સુખ ભિતરસે હી મિલતે હૈ, કોઇ સોદા કરનેકી ચીજ નહીં હૈ હમ બહારસે મોલ લે.

—સંત નાનક

\+ × ×

આપણા સર્વ દુઃખોનું બીજ શું છે? આનું કારણ શું તેનો વિચાર કરું છું, તો લાગે છે કે આપણી પાસે બધું છે, અને બધું કરીએ છીએ, પણ એક વાતને ભૂલીને. જે સાક્ષીને વચ્ચે ઉભો રાખીને બધા વ્યવહારો કરવા જોઇએ, તે સાક્ષીને બોલાવવાનું ભૂલી જઈએ છીએ. એ સાક્ષા તે ઈશ્વર–સત્ય–ન્યાય, નીતિ, પ્રેમ, ભલાઈ, નિસ્વાર્થતા! ભગવાનનું નામ ભજન મંડળોમાં ઝાંઝ અને પખાજ સાથે લઈએ છીએ, મંદિરોમાં તેને જોવા પ્રયત્ન કરીએ છીએ, પણ વ્યવહાર કરવા બેસીએ ત્યારે તેને દૂર હડસેલીએ છીએ. એ આપણા સર્વ દુઃખોનું બીજ છે. આ સાક્ષી વચ્ચે રાખીને બધા કર્મના આરંભો કરીએ તો આપણે દુઃખનો દરિયો તરી જઇશું, બીજી રીતે નહીં.

—કિશોરલાલ મશરૂવાળા

× × ×

જ્યારે તમારા નેત્રમાંથી અશ્રુ વહે અને અંતઃકરણ વેદના પામે ત્યારે સમસ્ત જગતનું દુઃખ યાદ કરજો. જ્યારે તમારા પર દુઃખ આવી પડે ત્યારે એવું દુઃખ સૌને થાય છે એટલું યાદ રાખજો, દુઃખથી કોઇ મુક્ત નથી. મનુષ્યજીવનમાં એ જ એક વસ્તુ છે, જે ધર્મની અગત્યતા સાબીત કરે છે. તમે એકલા જ અને તે પણ વગર વાંકે એ દુઃખ ભોગવો છો એમ કદી માનશો નહીં. જગતમાં પ્રસરી રહેલા સઘળા કલેશનો તે માત્ર અંશ છે. સર્વને એનો સામાન્ય અનુભવ મળે છે. આવી સમજ થતાં તે આવી પડેલાં દુઃખથી તમારે ધીમે ધીમે ધર્મનાં ગહન રહસ્ય અને દયાનું વિશાળ સ્વરૂપ સમજવું જોઇએ અને સર્વ મનુષ્ય તથા પ્રાણીમાત્ર તરફ રહેમદિલથી જોવું જોઇએ. એથી તમે વધુ સ્નેહાળ થશો અને પૂરી શાંતિ અનુભવશો.

એટલું તો નિશ્ચયપૂર્વક સમજજો કે જે તમારું નથી તે તમારી પાસે આવનાર નથી, અને તે પણ તમારા જ અનંત સુખને માટે નથી, તેનું સુખ તમે ચિરકાલ ભોગવી શકશો નહીં

દુઃખના માઠા સમયમાં મનુષ્યો લગભગ સત્યના સાધક થઇ શકે છે.

મહાત્મા જેમ્સ એલન


પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૭૫ ] મે : ૧૯૭૮ [ અંક : ૭

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| આત્મદૃષ્ટિ | શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી | ૧૦૯ |
| ભક્તિભાવના | શ્રી માનવિજય ઉપાધ્યાય | ૧૧૦ |
| સ્વાધ્યાયનું સ્વરૂપ અને મહાત્મ્ય | ડૉ. સોનીજી–અમદાવાદ | ૧૧૨ |
| સાચી માનવતા અને સજ્જનતા | "મૌક્તિક" | ૧૧૫ |
| મિથિલાપતી નમીરાજ | "સુશીલ" | ૧૧૬ |
| આત્માનંદ સભાનો સં. ૨૦૩૩નો હીસાબ | | ૧૨૨ |
| સમાચાર | | ૧૨૭ |


### આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ

**શ્રી ગુલાબચંદ લલુભાઈ શાહ (સભાના પ્રમુખ) ભાવનગર**

### આ સભાના નવા આજીવન સભ્યો

**શ્રી જયંતિલાલ મોહનલાલ શાહ ભાવનગર**

**શ્રી ભાઇચંદભાઈ ત્રીભોવનદાસ વોરા (લુવારીયાવાળા) ભાવનગર**

**શ્રી શાંતિલાલ દલીચંદભાઇ શાહ (શીહોરવાળા) ભાવનગર**

**શ્રી ચંદુલાલ પ્રભુદાસ શાહ (કરીયાણવાળા) ભાવનગર**

## પંડિતવર્ય શ્રી સુખલાલજીને શોકાંજલિ

ફાગણ સુદ ૬ ને મંગળવારે સાંજના ૪–૦૦ કલાકે શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહના અધ્યક્ષપદે યશોવિજયજી ગ્રંથમાળાની કારોબારી સમિતિની બેઠક ગ્રંથમાળાના હોલમાં મળી હતી. તેમાં પંડિતજીના જીવનના જુદા જુદા પાસાનો ગુણાનુવાદ થયા બાદ નીચે મુજબનો ઠરાવ થયો હતો.

ઠરાવ—પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય શ્રી સુખલાલજી સંઘવી આજીવન સરસ્વતીના ઉપાસક હતા. તેઓશ્રી જૈન સમાજ અને ભારતની એક વિરલ વિભૂતિ હતા. ભારતીય વિદ્યા અને ભારતીય દર્શનોની વિવિધ શાખાઓના પ્રખર પંડિત તરીકે તેઓની ખ્યાતિ ભારતમાં અને વિદેશમાં પણ વિસ્તરી હતી. તેઓશ્રીએ પોતાની જિજ્ઞાસાને સંતોષવા જીવનભર સતત જાગૃતિપૂર્વક આકરૂં જ્ઞાનતપ કર્યું હતું. એમની કુશાગ્ર બુદ્ધિ અને તિવ્ર સ્મરણશક્તિ વિદ્યા સંપન્ન કરવામાં અમોઘ હતી. તેઓની સમતા, શાંતિ અને શાણપણ અપૂર્વ હતાં. આવા વિદ્વાન પંડિતજીના દેહાવસાનથી જૈન સમાજે એક વિરલ વ્યક્તિ ગુમાવી છે, જ્યારે દેશે ભારતીય વિદ્યાના એક અત્યંત મૌલિક વિદ્વાન, અસાધારણ દાર્શનિક અને ભારતીય તત્ત્વજ્ઞાનના એક મહાન ચિંતક ગુમાવ્યા છે. જૈન દર્શન સાહિત્ય અને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં તેઓશ્રીનો ફાળો અમૂલો છે. જૈન આગમોનું તેઓશ્રીનું જ્ઞાન ખૂબ જ તલસ્પર્શી હતું. આવા વિદ્વદ્વર્ય પંડિતજીના દેહવિલયથી ગ્રંથમાળાની આ સભા ઊંડા દુઃખની લાગણી અનુભવે છે અને પરમ કૃપાળુ પરમાત્મા તેઓશ્રીના આત્માને ચિરશાંતિ પ્રદાન કરે તેવી હાર્દિક પ્રાર્થના કરે છે.

ત્યાર બાદ ત્રણ નવકાર મંત્રનું સ્મરણ કરી મીટીંગ વિસર્જન થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

• તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

વર્ષ : ૭૫ | વિ. સં. ૨૦૩૪ વૈશાખ : મે ૧૯૭૮ | અંક : ૭

## આત્મદૃષ્ટિ

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

आत्मवत् सर्वजीवेषु दृष्टिः स्वोन्नतिकारिका ।
भावशान्तिप्रकाशार्थं देया भक्तिपरायणैः ॥

**શબ્દાર્થ**—ભક્તિપરાયણ જીવોએ ભાવશાંતિરૂપ પરમાત્મપદ પ્રાપ્તિ પ્રકાશ માટે આત્માની પેઠે સર્વ જીવોમાં સ્વોન્નતિકારક આત્મદૃષ્ટિ ધારણ કરવી જોઈએ.

**ભાવાર્થ**—ભક્તિપરાયણ ભક્તોએ પોતાના આત્માની પેઠે સર્વ જીવોને દેખવા જોઈએ. જ્યાં સુધી આત્મવત્ સર્વ જીવો ઉપર જોવાતું નથી ત્યાં સુધી ઉચ્ચ જીવનની આશા રાખવી વ્યર્થ છે. આત્માર્થી જીવોએ પોતાનું ભલું ઇચ્છવું તેમ અન્ય જીવોનું પણ ભલું ઇચ્છવું જોઈએ. જેવી પોતાની સારી દશા ઇચ્છાય છે તેવી અન્યોની પણ સારી દશા ઇચ્છવી જોઈએ. પોતાને સુખ મળે એમ ઇચ્છાય છે તેવી રીતે અન્ય જીવોને પણ સુખ મળે તેમ ઉપાયો ઇચ્છવા જોઈએ. અન્ય જીવો પર ઈર્ષ્યા, અદેખાઈ, દ્વેષ અને ક્રોધ વગેરે થાય નહિ, અન્ય જીવોને મારવાની બુદ્ધિ થાય નહિ, અન્ય જીવોને ઉપદ્રવ, પીડા અને કલેશ થાય એવી મનમાં ઇચ્છા થાય નહિ, અન્યનું ખરાબ કરવાની બુદ્ધિ જરા માત્ર પણ થાય નહિ, પોતાના કરતાં અન્યનું જરા માત્ર હલકાઈપણું ઇચ્છાય નહિ, ત્યારે અન્ય જીવોને પોતાના આત્મસમાન દેખવાનું સત્ય કહેવાય. ધર્મી, સાધુ, સન્ત, મહાત્મા, ઋષિ અને કેળવાયેલ વગેરે નામ ધરાવવાં સહેલ છે પણ અન્ય જીવો પર અન્યાય, દ્વેષ અને ક્રોધ વગેરે થાય નહિ ત્યારે જ ઉપર્યુક્ત નામની સફલતા કહેવાય, અને ત્યારે જ અન્ય જીવોને પોતાના આત્મસમાન દેખવાનો સિદ્ધાંત અમલમાં મૂક્યો કહી શકાય. પ્રત્યેક જીવો પોતાના તરફથી શાંતિ પામે એવા વર્તનમાં પોતે મૂકાયા વિના ફોનોગ્રાફની પેઠે ફક્ત શાંતિને ઇચ્છનારાઓ પોતે પણ આત્મદૃષ્ટિ રાખતા નથી અને અન્યને પણ રખાવવા પ્રયત્ન કરતા નથી. સર્વ જીવો પર આત્મદૃષ્ટિ રાખ્યા વિના કોઈ પણ આત્મા કદી ભાવશાંતિ પામી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભકિત ભાવના

શ્રી વિજય હીરસૂરીશ્વરજીના પટ્ટધર શ્રી વિજય સેનસૂરીશ્વરજી, એમની પાટે એક વિજય દેવસૂરિ થયા અને બીજા પટ્ટધર વિજય તિલકસૂરિ મહારાજ થયા. એમની પાટે વિજય આણંદસૂરિ થયા. એમના નામથી અણસૂરગચ્છ કહેવાય છે. એમની પાટે વિજય રાજસૂરિ થયા, એમના ગુરૂભાઈ શ્રી શાંતિવિજય પંડિત થયા, તેમના શિષ્ય **શ્રી માનવિજય ઉપાધ્યાય** થયા, તેમની આ ભાવવાહિ રચના છે.

( માલકોશ, ભૈરવી, આશાવરી, ભીમપલાસ, તિલક, કવન, કલ્યાણ આદિમાં ગવાય. )

**અજિત જિનેસર ચરણની સેવા, હેવાએ હું હળીયો;**
**કહીંયે પણ અણ ચાખ્યો અનુભવ-રસનો ટાણો મળીયો.**
**પ્રભુજી મહેર કરીને આજ, કાજ અમારા સારો૦ ૧**

**અર્થ**—શ્રી અજિતનાથ જિનેશ્વરના ચરણકમળની સેવાની ટેવમાં હું હળી ગયો છું, બરાબર વળગ્યો છું. કદી પણ નહિ ચાખેલા આત્માના અનુભવરસને ચાખવાનો ખરેખરો અવસર મળ્યો છે. હે પ્રભુજી ! મહેરબાની કરીને આજ અમારા બધા કામ સારો—પાર પાડો.

**મુકા૦યો પણ હું નવિ મૂકું, ચૂકું નહિ એ ટાણો;**
**ભક્તિભાવ ઉઠ્યો જે અંતર, તે કિમ રહે શરમાણો. પ્રભુજી૦ ૨**

**અર્થ**—આપના ચરણની સેવામાં વળગી પડેલો હું હવે, કોઈનો મુકાવ્યો મુકું તેમ નથી, આ અવસર મળ્યો તેને ચુકીશ નહિ, અંતરમાં જે ભક્તિભાવ જાગ્યો છે, તે શરમાઈને દબાયેલો કેમ રહે ? અંદરમાં જાગેલા તીવ્ર ભક્તિભાવને લઈને હું ક્ષણવાર પણ તમારા ચરણની સેવાથી વંચિત નહિ રહું, સતત ભક્તિ કરીશ.

**લોચન શાંત સુધારસ સુભગા, મુખ મટકાળું પ્રસન્ન;**
**યોગ મુદ્રાનો લટકો ચટકો, અતિશયનો અતિ ધન્ન. પ્રભુજી૦ ૩**

**અર્થ**—પ્રભુ ! તમારા નયન સમતા અમૃતરસથી ભરેલા, અતિ સૌભાગ્યવંતા છે, અને મટકાળું પ્રસન્ન મુખ મારા મનને આકર્ષે છે. આપની યોગમય મુદ્રાનો લટકો મટકો એટલે આલ્હાદ આપે એવો જુદો જુદો આકાર જણાય છે. અને અતિશયોવડે આપનું શરીર, મન, મુખ મુદ્રા, અતિ ધન્ય એટલે બહુ જ પ્રશંસાપાત્ર છે. આપના શરીરના બધા અંગો, તેના હલન-ચલન, લોકોત્તર અતિશયથી ભરેલ શ્રેષ્ટ જીવનચર્યા, એ બધું મારા મનને બહુ જ ગમે છે. એથી હવે હું આપની સેવા કદીય છોડવાનો નથી.

**પિંડ પદસ્થ રૂપસ્થે લીનો, ચરણ કમલ તુજ ગ્રહીયો,**
**ભ્રમર પરે રસ સ્વાદ ચખાવો, વિરસાં કાં કરો મહીયાં. પ્રભુજી૦ ૪**

**અર્થ**—શ્રી અજિતનાથ પ્રભુ ! આપના પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ ધ્યાનમાં હું લીન થયો. અને તમારા ચરણકમળ મેં શરણરૂપે સ્વીકાર્યા છે ભ્રમરો જ્યારે કમળનો રસ ચાખવા આવે ત્યારે કમળ રસથી ભરેલ હોય તો ભમરો રસ ચાખે, અને કમળ આદિ ફૂલો રસ વગરના સુકા થઈ જાય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો ભમરા રસને ચાખી શકે નહિ. હે પ્રભુ આપના ચરણકમળની ઉપાસના કરવા, ભક્તિ રસને પીવા માટે આવ્યો છું, તો એ કમળને ભક્તિ રસ વગરના શુષ્ક બનાવશો નહિ, એટલે મારા આત્મામાં આપના ચરણ પ્રત્યેનો ભક્તિ રસ તાજો રાખજો. શા માટે એ **મહીયા** એટલે પૃથ્વીમાં, ઉત્પન્ન થયેલ કમળ આદિ પુષ્પને વિરસ બનવા દો છો? આપના ચરણની ભક્તિનો રસ મારા હૈયામાં સદાય તાજો રાખો એ મારી વિનંતિ છે.

**બાળ કાળમાં વાર અનંતી, સામગ્રીએ નવિ જાગ્યો;**
**યૌવન કાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ માગ્યો. પ્રભુજી૦ ૫**

**અર્થ**—બાળકાળ એટલે અચરમાવર્તમાં અનંતીવાર સામગ્રી મળી પણ હું જાગ્યો નહિ, આપની ભક્તિનો રસ ચાખ્યો નહિ, હવે ધર્મ યૌવનકાળ એટલે ચરમાવર્તમાં આવ્યા પછી એ રસને કાંઇક ચાખ્યો, આત્માના અનુભવનો અંશે સ્વાદ મળ્યો, અને એ સ્વાદને પૂરેપૂરો ચખાડવાને આપ જ સમર્થ છો, ભેદ ઉપાસનામાંથી અભેદ ઉપાસનામાં લઈ જનારા આપ જ છો, આત્માના અનુભવને સંપૂર્ણ અપાવનારા તમે છો, એ જાણ્યા પછી સમર્થ એવા પ્રભુની પાસે હું યાચના કરતો રહું છું.

**તું અનુભવ રસ દેવા સમરથ, હું પણ અરથી તેહનો;**
**ચિત્ત વિત્ત ને પાત્ર સંબંધે. અજર રહ્યો હવે કેહનો? પ્રભુજી૦ ૬**

**અર્થ**—હે પ્રભુ! તમે અનુભવ રસ આપવાને સમર્થ છો, અને હું પણ એનો જ ઇચ્છુક છું. આપનાર આપ છો, વસ્તુ આપવાની શક્તિ આપનામાં છે, અને હું એનો ઇચ્છુક છું. એટલે ચિત્ત, વિત્ત અને પાત્ર ત્રણેનો સંબંધ થયો છે–ત્રણેનો મેળ મળી ગયો છે, તો હવે અજર એટલે વાંધો અથવા ખામી શેની છે? કોઈ પણ સાધન બાકી નથી, એ કારણે પણ મને આત્માનો અનુભવ હે પ્રભુજી! અવશ્ય આપો. મારે એ જ જોઈએ છે. આ પ્રમાણે માગણી કરતો આત્મા પ્રભુની કૃપાથી કાંઈક એને પામ્યો છે એનો આનંદ પ્રગટ કરે છે.

**પ્રભુની મહેરે તે રસ વાધ્યો, અંતરંગ સુખ પામ્યો;**
**માનવિજય વાચક એમ જંપે, હુઓ મુજ મન કામ્યો. પ્રભુજી૦ ૭**

**અર્થ**—શ્રી અજિતનાથ પ્રભુની મહેરથી, તે આત્મ અનુભવનો રસ વધ્યો તેથી અંતરંગ સુખ, સમતા સમાધિનો આનંદ પામ્યો, માનવિજય ઉપાધ્યાય એમ કહે છે કે, મારા મનની કામના બધી પૂરી થઇ. પ્રભુની કૃપાથી મને જે જોઇએ તે, પરમ કલ્યાણકારી અધ્યાત્મ રસનું સુખ મળી ગયું.

## પ્રેરક વચન સુવાસ

સુપાત્રે દાન આપવું, ગુરુઓનો વિનય કરવો, સર્વ જીવો પ્રત્યે અનુકંપા રાખવી; ન્યાય વૃત્તિથી જીવનનિર્વાહ કરવો; પરોપકાર કરવામાં તત્પર રહેવું, શ્રીમંતોનો પરિચય ન કરવો અને સંત પુરૂષોનો સંગ સેવવો. આવો સામાન્ય ધર્મ, બુદ્ધિમાન મનુષ્યોએ હે રાજન! સેવવા યોગ્ય છે.

(રાજચંદ્રમાંથી ઉધ્ધૃત)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાધ્યાયનું સ્વરૂપ અને મહાત્મ્ય :

ડૉ. સોનીજી અમદાવાદ

ज्ञानभावनाऽऽलस्यत्यागः स्वाध्यायः । १

જ્ઞાનાર્જનમાં× આળસનો ત્યાગ કરવો તે સ્વાધ્યાય છે.

वाचनापृच्छनानुप्रेक्षाम्नाय धर्मोपदेशाः । २

વાંચવું, સંશયના નિવારણ અર્થે વિનય સહિત પૂછવું, જાણેલા અર્થનું ફરી ફરી ચિંતન કરવું, સ્પષ્ટ ઉચ્ચારણ સહિત (શાસ્ત્રવચનોનુ) બોલવું અને ધર્મનો ઉપદેશ કરવો એ પાંચ સ્વાધ્યાયના પ્રકાર છે.

परतप्ति निरपेक्षः दुष्टविकल्पानां नाशनसमर्थः
तत्त्वविनिश्चयहेतुः स्वाध्यायः ध्यान सिद्धिकरः। ३

સ્વાધ્યાયરૂપી તપ પરનિંદાથી નિરપેક્ષ હોય છે, ખોટાં વિકલ્પોનો નાશ કરવામાં સમર્થ છે, તત્ત્વોનો નિર્ણય કરવામાં કારણરૂપ છે અને ધ્યાનની સિદ્ધિ કરવાવાળું છે.

यः आत्मानं जानाति
अशुचि शरीरात् तत्वतः भिन्नम्
ज्ञायकरूपस्वरुपं स शास्त्रं जानाति सर्वम् । ४

જે પોતાના આત્માને આ અપવિત્ર શરીરથી ખરેખર જુદો અને જ્ઞાયકરૂપે જાણે છે તે સર્વ શાસ્ત્રોને જાણે છે.

ज्ञानमेकाग्रचित्तश्च, स्थितः च स्थापयति परम् ।
श्रुतानि च अधीत्य, रतः श्रुतसमाधौ ॥ ५

અધ્યયનથી જ્ઞાન અને ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થાય છે, પોતે ધર્મમાં સ્થિર થાય છે અને અન્યને પણ ધર્મમાં સ્થિર કરે છે. અનેક પ્રકારના શાસ્ત્રાધ્યયનથી તે શ્રુતસમાધિમાં સ્થિર થાય છે.

આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુજીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે, સત્શ્રુત અને સત્સમાગમ શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંત રસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યાં છે એવા શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.

સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય કરીને કર્તવ્ય છે. મળ, વિક્ષેપ અને પ્રમાદ તેમાં વારંવાર અંતરાય કરે છે, પણ જો નિશ્ચય કરી તેને અપરિચિત કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો તેમ થઈ શકે એમ છે. મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે.

નિયમિતપણે નિત્ય સદ્ગ્રંથનું વાચન તથા મનન રાખવું યોગ્ય છે.

स्वाध्यायप्रवचनाभ्याम् न प्रमदितव्यम् । ७

સ્વાધ્યાયમાં અને પ્રવચનમાં આળસ ન કરવી જોઈએ.

नापि अस्ति नापि च भविष्यति
स्वाध्यायसमं तपः कर्म । ८

સ્વાધ્યાયના જેવું તપ હતું નહીં, છે નહીં કે થશે પણ નહીં.

आहारनिद्राभयमैथुनं च
सामान्यमेतद् पशुभिर्नराणाम् ।
ज्ञानं हि तेषां अधिको विशेषः
ज्ञानेन हीनाः पशुभिः समानाः ॥ ९

આહાર, નિદ્રા, ભય અને મૈથુન; આ ચાર પશુઓ તેમજ મનુષ્યો બન્નેમાં સરખાં છે. માત્ર જ્ઞાન જ તેમનામાં વિશેષતાવાળું છે, માટે જે જ્ઞાન વગરના છે તે પશુ સમાન છે.

यत्पवित्रम् जगत्यस्मिन् विशुध्यति जगतत्रयी ।
येन तद् हि सतां सेव्यं श्रुतज्ञानं चतुर्विधम् ॥ १०

× જ્ઞાનપ્રાપ્તિની ભાવનામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ લોકમાં જે અત્યંત પવિત્ર છે, ત્રણે લોકની વિશુદ્ધિનું જે કારણ છે તેવું આ ચાર પ્રકારનું* સત્શાસ્ત્રનું જ્ઞાન સંતજનો વડે સેવનીય છે.

न हि ज्ञानेन सदृशम् पवित्रमिह विद्यते । ११

જ્ઞાન સમાન પવિત્ર વસ્તુ આ જગતમાં અન્ય કોઈ નથી.

देहोऽहं इति या बुद्धिः अविद्या सा प्रकीर्तिता ।
नाहं देहः चिदात्मोति बुद्धिः विद्येति भण्यते ।।१२

હું દેહ છું એવી બુદ્ધિ તે અવિદ્યા કહેવાય છે,

હું ચૈતન્યસ્વરૂપી આત્મા છું, દેહ નથી; એવી બુદ્ધિ તે ( સાચી ) વિદ્યા છે.

पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबंधनम्
चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ।
तस्मात्सदैव धर्मार्थी शास्त्रयत्नः प्रशस्यते
लोकेमहान्धकारेऽस्मिन् शास्त्रलोकः प्रवर्तकः ।।१३

શાસ્ત્ર પાપરૂપી રોગનું ઔષધ છે, શાસ્ત્ર પુણ્ય ઉપાર્જન થવાનું કારણ છે, શાસ્ત્ર સર્વને જણાવનાર ઉત્તમ ચક્ષુ છે, શાસ્ત્ર સર્વ હેતુઓને સિદ્ધ કરનાર સાધન છે, માટે ધર્મી જીવે નિરંતર શાસ્ત્રમાં યત્ન કરવો શ્રેયસ્કર છે. મોહરૂપી અંધકારવાળા આ લોકમાં શાસ્ત્રરૂપી પ્રકાશ જ પથપ્રદર્શક છે.

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः
न स सिद्धिमवाप्नोति न सुखं न परागतिम् । १४

જે શાસ્ત્રોક્ત વિધિને છોડી દઈને સ્વચ્છંદ-પૂર્વક વર્તે છે તેને સુખ, સિદ્ધિ કે ઉત્તમ ગતિની પ્રાપ્તિ થતી નથી.

शास्त्रे पुरस्कृते तस्मात् वीतरागः पुरस्कृतः
पुरस्कृते पुनः तस्मिन् नियमात् सर्वसिद्धयः । १५

શાસ્ત્રને માન્ય કરવાથી વીતરાગ (ભગવંતો) માન્ય થાય છે અને વીતરાગ (ભગવંતો) માન્ય થવાથી સર્વ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

स्वाध्यायाद्ध्यानमध्यास्तां
ध्यानात्स्वाध्यायमामनेत् ।
ध्यानस्वाध्यायसंपत्या परमात्मा प्रकाशते ।। १६

સ્વાધ્યાય કરતાં કરતાં ધ્યાનમાં આવવું જોઈએ અને ધ્યાન( માં મન ન રહેતાં તે )માંથી સ્વાધ્યાયમાં આવવું જોઈએ. ધ્યાન અને સ્વાધ્યાયરૂપી સંપત્તિથી પરમાત્મા પ્રકાશિત થાય છે.

हेयोपादेय विज्ञानं न चेद् व्यर्थः श्रमः श्रुतौ । १७

છોડવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય (વસ્તુઓ)નું પરિજ્ઞાન ન થાય તો શાસ્ત્રાધ્યયનનો શ્રમ નિષ્ફળ છે.

यथोदकेन वस्त्रस्य मलिनस्य विशोधनम् ।
रागादि–दोष–दुष्टस्य शास्त्रेण मनसस्तथा ।।१८

જે પ્રકારે મેલું કપડું પાણીથી સ્વચ્છ થાય છે તે પ્રકારે રાગ (દ્વેષ–અજ્ઞાન) આદિ દોષોથી મેલું થયેલું મન શાસ્ત્રથી સ્વચ્છ (દોષ રહિત) થાય છે.

विद्याफलं स्यात् असतां निवृत्तिः । १९

અસત્યોથી નિવૃત્ત થવું તે જ સાચી વિદ્યાનું ફળ છે.

हेयं हि कर्म रागादि तत्कार्यं च विवेकिनः ।
उपादेयं परज्योतिः उपयोगैकलक्षणं ।। २०

વિવેકી પુરૂષને કર્મ (અહંબુદ્ધિ) અને તેનું ફળ રાગાદિ ભાવો હેય (છોડવા યોગ્ય છે) અને પરમજ્યોતિ સ્વરૂપ ચૈતન્ય લક્ષણવાળો આત્મા જ ગ્રહણ કરવા યોગ્ય છે.

*આ ચાર પ્રકાર એટલે—
(૧) દ્રવ્યાનુયોગ—તત્ત્વનિરૂપકજ્ઞાન
(૨) ચરણાનુયોગ—આચાર સંબંધી જ્ઞાન
(૩) કરણાનુયોગ—કર્મસિદ્ધાંતાદિનું જ્ઞાન
(૪) કથાનુયોગ—પૂર્વે થયેલાં મહાત્માઓના જીવન-ચરિત્રાદિનું નિરૂપણ કરનારું જ્ઞાન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पुस्तकस्था तु या विद्या परहस्ते गतं धनम् ।
कार्यंकाले समुत्पन्ने न सा विद्या न तद्धनम् ॥२१

જરૂરત પડયે (આપણા) જે પૈસા બીજા પાસે હોય અને (આપણું) જે જ્ઞાન પોથીગત હોય તે પૈસા અને તે જ્ઞાન ન હોવા બરાબર છે.

**The end of all knowledge should be virtuous action.** ૨૨

સાચી વિદ્યાનું અંતિમ લક્ષ્ય સત્કર્મ કરવું તે છે.

**Knowledge is proud in that it has learnt a lot; Wisdom is humble in that it does not know much.** ૨૩

વિદ્વત્તાને અભિમાન છે કે તેણે બહુ શીખી લીધું, જ્ઞાન નમ્ર છે (કારણ કે) તે અધિક નથી જાણતું.

शास्त्राद् गुरोः सधर्मादेः ज्ञानमुत्पाद्यवात्मनः ।
तस्यावलंबनं कृत्वा तिष्ठ मुंचान्यसंगतिं ॥ २४

શાસ્ત્રોનું મનન કરીને, સદ્‌ગુરુના ઉપદેશથી કે સહધર્મીઓના સત્સંગથી પોતાના આત્માનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરીને તેનું જ અવલંબન લેવું તેનું જ મનન-ચિંતન કરવું અને અન્ય વસ્તુઓનો સંગ છોડવો.

सुप्ता एव बहुमोहनिद्रया
दीर्घकालमविरामया जनः ।
शास्त्रमेतदधिगम्य साम्प्रतं
सुप्रबोध इह जायतामिति ॥ २५

આ માનવ દીર્ઘકાળથી નિરંતર મોહરૂપી નિદ્રાને લીધે સૂઈ ગયો છે. હવે તો તેણે અધ્યાત્મશાસ્ત્રો જાણવા જોઈએ અને આત્મજ્ઞાન પ્રગટ કરવું જોઈએ.

ज्ञान समान न आन, जगतमें सुखको कारन ।
इहि परमामृत जन्मजरामृतु रोग निवारन ॥ २६

જગતમાં જ્ઞાન જેવું સુખ પ્રાપ્તિનું બીજું એક પણ કારણ નથી; જન્મ-જરા-મરણ અને રોગને નિવારવા માટે જ્ઞાન જ પરમ અમૃત છે.

ज्ञानेन वासितो ज्ञाने नाज्ञानेऽसौ कदाचन् ।
यतस्ततो मतिः कार्या ज्ञाने शुद्धि विधित्सुभिः ॥ २७

જ્ઞાનથી સંસ્કારિત થયેલો જીવ જ્ઞાનમાં પ્રવૃત્ત થાય છે અજ્ઞાનમાં કદાચિત્ નહીં, તેથી શુદ્ધિની ઇચ્છાવાળાઓએ જ્ઞાનમાં-જ્ઞાનની આરાધનામાં-બુદ્ધિ લગાવવી જોઇએ.

प्रबोधाय विवेकाय हिताय प्रशमाय च ।
सम्यक्‌तत्वोपदेशाय सतां सुक्तिः प्रवर्तते ॥ २८

સત્પુરૂષોનો ઉપદેશ પ્રકૃષ્ટપણે આત્મજ્ઞાન થવા માટે, વિવેક ઉત્પન્ન થવા માટે, કલ્યાણ માટે, ક્રોધાદિ શાંત થવા માટે અને સમ્યક્ તત્વોનો બોધ થવા માટે હોય છે.

स्वाध्यायात् इष्टदेवतासंप्रयोगः । २९

સ્વાધ્યાયવડે ઇષ્ટદેવનો સાક્ષાત્કાર થાય છે.

ज्ञानेन ध्यानसिद्धिः ध्याना[त्] सर्वकर्मनिर्जरणम् ।
निर्जरणफलं मोक्षः ज्ञानाभ्यासं ततः कुर्यात् ॥ ३०

જ્ઞાનથી ધ્યાનની સિદ્ધિ થાય છે. ધ્યાનથી સર્વ કર્મો ખરી પડે છે, સર્વ કર્મો (આત્મામાંથી) ખરી જવાથી મોક્ષ થાય છે માટે જ્ઞાનનો અભ્યાસ કરવો જોઇએ.

૩૧ સર્વોત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં શ્રુતજ્ઞાન(જ્ઞાની પુરુષનાં વચનો)નું અવલંબન જે જે વખતે મંદ પડે છે, તે તે વખતે કંઈ કંઈ ચપળપણું સત્પુરુષો પણ પામી જાય છે, તો પછી સામાન્ય મુમુક્ષુ જીવો કે જેને વિપરીત સમાગમ, વિપરીત શ્રુતાદિ અવલબન રહ્યાં છે તેને વારંવાર વિશેષ વિશેષ ચપળપણું થવા યોગ્ય છે.

એમ છે તો પણ જે મુમુક્ષુઓ સત્સમાગમ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સદાચાર અને સત્શાસ્રવિચારરૂપ અવલંબનમાં દ્દઢ નિવાસ કરે છે, તેને સર્વોત્કૃષ્ટ ભૂમિકા પર્યંત પહોંચવું કઠણ નથી; કઠણ છતાં પણ કઠણ નથી. ૩૧ (अ)

ઇન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે. એ ફળ અલૌકિક છે, અમૃત છે. ૩૧ (ब)

अनेक संशयोच्छेदी परोक्षार्थस्य दर्शकम् ।
सर्वस्य लोचनं शास्त्रं यस्य नास्त्यन्ध एव सः ॥ ३२

અનેક સંશયોને છેદનાર, પરોક્ષ પદાર્થોને દર્શાવનાર અને સૌના નેત્ર (સમાન) શાસ્ર છે. જેને તે (શાસ્રરૂપી નેત્ર) નથી તે અંધ જ છે.

# સાચી માનવતા અને સજ્જનતા

લેખક : મૌક્તિક

न ते परदूषणं परगुणं वक्त्यलपमप्यन्वहम्,
संतोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचम् ।
स्वश्लाघां न कराति नोजति नयं नौचित्यमुंल्लघय-
त्युक्तोऽप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्र सताम् ॥ સિંદૂરપ્રકર, ૬૪

સજ્જનતા ખરી રીતે હ્રદયની વાત છે, ગૃહસ્થાઇ અને ખાનદાનીનાં પગરણ છે, ઉચ્ચ-ગ્રાહી જીવનના નાના મોટા દરેક પ્રસંગમાં બાપોકાર જાહેરાત કરતી શાંત નદી છે, પ્રાણીની નાની વાતોનો સરવાળો એ સજ્જનતાનું પ્રતીક છે. એને માટે મોટા મેળાવડા કરવા પડતા નથી, એને પોતાની કરવા મોટાં સંભાષણો બોલી બતાવવાં પડતા નથી, એને હસ્તગત કરવા ખોટા સાચા દાવા, ઢોંગ કે દેખાવો કરવા પડતા નથી. સાચી સજ્જનતા કે ગૃહસ્થાઈ એ મનુષ્યના જીવન સાથે ઓતપ્રોત થઇ ગયેલ હોઇ એના પ્રત્યેક વર્તન પ્રસંગે તરી આવે છે, પ્રત્યેક વાણીવિલાસે ઝળકી આવે છે, પ્રત્યેક આંખના અણસારામાંથી સમજાઈ આવે છે. સારા માણસનું વર્તન સાચે માર્ગે જ થાય, સારે માર્ગે જ થાય. એ પોતાનો માર્ગ બરાબર સંભાળી લે અને એની વિશાળતા, સહ્રદયતા અને ગંભીરતા એને સારે માર્ગે, સાચે માર્ગે, વિશુદ્ધ માર્ગે લઈ આવે. એવા સજ્જનો ગમે તે સંયોગમાં હોય, તો પણ એનો વિકાસ એને સાચો રસ્તો સુઝાડી દે અને એ પોતાનો યથાર્થ માર્ગ વગર ધાંધલે, વગર પ્રયાસે, વગર માગણી કર્યે શોધી લે અને તે રસ્તે જ આગળ ધપે.

સજ્જનના લક્ષણો ઉપર રજૂ કર્યાં છે તેના પર વિવેચન કરવાની ભાગ્યે જ જરૂર હોય, એ સુગ્રાહ્ય છે, સ્વયં સ્પષ્ટ છે. કાળસિદ્ધ છે. એમાં ખૂબી એ છે કે સજ્જનને માર્ગે પ્રયાણ કરવામાં જરા પણ પ્રયાસ કરવો પડતો નથી. એની વિશુદ્ધિ કે સુગ્રાહ્યપણા માટે ચર્ચા કરવી પડતી નથી. અને એની આદેયતા માટે ઉપદેશ આપવાની આવશ્યકતા રહેતી નથી. નવાઇની વાત એ છે કે આવો સીધોસાદો સમજાય તેવો સરલ માર્ગ મૂકી માણસ આડેઅવળે માર્ગે કે ઊલટે પંથે કેમ પડી જતો હશે? શા માટે એ કાવાદાવા કરી જીવનને ઝેર કરતો હશે? શા માટે એ પ્રયાસ કરી ન ટકી શકે તેવી પરિસ્થિતિનો બચાવ કરવાના ખોટા માર્ગે ચઢી જતો હશે?

સજ્જનતાના માર્ગો સીધા છે, આંટીઘુટી વગરના છે, જાતે તદ્દન નરવા છે સ્વતઃ નૈસર્ગિક છે અને અંતરને પ્રફુલ્લ બનાવી ચેતનરાજનો નિસ્તાર કરનારા છે. એના રસ્તા લેવામાં કાંઈ ગોટા વાળવા પડતા નથી, એને અપનાવવામાં કોઈ પ્રકારની કૃત્રિમતા ધારણ કરવી પડતી નથી, એને છુપાવવા કોઈ જાતના દંભો કે દેખાવોને માર્ગ આપવો પડતો નથી. એ સીધી સડક છે. એ કુદરતી વલણને પોષનારા સહજપ્રાપ્ત ધર્મો છે. એ ઉન્નતિ બીજનાં ઊમળકા છે. ધર્મમાર્ગે ચઢવાનાં એક પણ સોપાનને ન ચૂકે એ માર્ગે પરંપરાએ સાચું શાશ્વત સુખ પામે અને હંમેશ માટે નિરવધિ આનંદ માણે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મિથિલાપતિ નમીરાજ

સુશીલ

મિથિલાપતિ અને અવન્તિપતિ વચ્ચે પેઢી દર પેઢી વેર ઉતરતા. ધુંધવાઈ રહેલી આગમાં ઘીનો છાંટો પડતાં ભડકો થાય તેમ એ બન્ને રાજ્યો વચ્ચે છેક નજીવા કારણે યુદ્ધનો જ્વાલામુખી સળગી ઉઠતો. ઉપદેશકો અને રાજદ્વારી પુરૂષોએ એ દાહને ઠારવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા, પણ આખર સુધી એ પ્રયત્ન જ રહ્યા–કોઈને સિદ્ધિનો યશ ન મળ્યો.

પરંતુ સંસારની વિચિત્ર ઘટમાળ કોઈ કોઈવાર એવા ઘાટ ઘડી નાખે છે કે ભલભલા પંડિતોનાં અભિમાન પણ આપોઆપ ઓસરી જાય. મિથિલાપતિ અને અવન્તિપતિ વચ્ચે પણ એવી જ એક કલ્પનાતીત ઘટના બની ગઈ અને બન્ને રાજ્યો, જ્યોતમાં જ્યોત મળી જાય તેમ પરસ્પરમાં સમાઈ ગયાં.

બન્યું એવું કે એક દિવસે મિથિલાપતિનો માનીતો પટ્ટહસ્તિ ઉન્મત્ત બની નાસતો નાસતો અવન્તિની હદમાં ભરાયો. અવન્તિરાજે તેને યુક્તિથી પકડી પોતાની પાસે રાખી લીધો. મિથિલાપતિએ હાથી પાછો સોંપી દેવાનું દૂત મારફતે કહેણ મોકલાવ્યું. પણ વિના યુદ્ધે હાથી સોંપી દેવો એમાં અવન્તિરાજને પોતાનું માનભંગ લાગ્યું. તાજા યુદ્ધને માટે આટલુંજ નિમિત્ત બસ થયું.

અવન્તિ અને મિથિલાના વ્યૂહ સામસામા ગોઠવાઈ ગયા. ભેરી અને શંખના નાદથી રણભૂમિ ગર્જી ઉઠી. અવન્તિરાજ ચંદ્રયશ અને મિથિલાપતિ નમીરાજ પણ સૈન્યના મોખરે આવી ઉભા. યુદ્ધના આરંભની હવે માત્ર ઘડીઓ જ ગણાતી હતી.

એટલામાં વાદળમાં અચાનક વિજળી ઝબકે તેમ, એક તપસ્વિની જેવી દેખાતી અજાણી નારી એ બન્ને સૈન્યોની વચ્ચે દૂરથી દોડતી આવી ઉભી રહી. યુદ્ધના ચડતા આવેશમાં સૈનિકોને આ વિઘ્ન અસહ્ય લાગ્યું. પરંતુ અવન્તિપતિ કે મિથિલાપતિ એ બેમાંથી કોઈ તેને વચમાંથી આઘે ખસી જવાનું કહી ન શકયા.

બન્નેએ અંબાડીમાં બેસી રહીને આ અજાણી સ્ત્રી તરફ જોયું. તેમના અંતરાત્મામાંથી જ અવાજ ઉઠ્યો કે આ કોઈ સામાન્ય સ્ત્રી નથી, અને કોઈ અસામાન્ય કારણ વિના સેંકડો પુરૂષ–સૈનિકોની સામે યુદ્ધની ભૂમિમાં–યુદ્ધના જ પ્રસંગે આમ નિર્ભયપણે આવીને ઉભી ન રહે.

તપસ્વિનીએ એકવાર અવન્તિરાજ સામે અને એકવાર મિથિલાપતિ સામે ઉંચે જોયું. ઉપદેશની શુષ્કતા કે ઉપાલંભની કઠોરતાને બદલે કેવળ મમતા અને વાત્સલ્ય જ એ નયનોમાંથી નીતરતું હતું. શીલની સૌંદર્યમૂર્તિ જાણે તપના તેજમાં સ્નાન કરીને સીધી અહીં આવી હોય એમ એ ઉભય રાજવીને થયું. કોઈ કાળે નહીં અનુભવેલા પૂજ્યભાવે તેમને બન્નેને ક્ષણવાર પરતંત્ર જેવા બનાવ્યા.

“ઓહ ભગવન્! એક જ માતાના બે પુત્રો, પહેલી જ વાર યુદ્ધના મેદાનમાં શત્રુરૂપે મળે એ કેટલો કરૂણ પ્રસંગ છે?” તપસ્વિનીએ દર્દભરી આંખે આકાશ સામે જોઈ એક સંતપ્ત નિઃશ્વાસ મૂકયો.

અવન્તિપતિ અને મિથિલાપતિ થોડીવાર તો મુગ્ધભાવે આ દૃશ્ય નીહાળી રહ્યા. શું કરવું એ તેમને ન સૂઝયું. રખેને આમાં પ્રપંચ હોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને પોતે નબળાઇને વશ થઈ જતાં હોય એવી મુંઝવણ થઈ.

"બેટા ચંદ્રયશ! જરા નીચે આવ; અને કોની વચ્ચે આ યુદ્ધ લડાય છે તે મારી પાસેથી જાણી લે. પછી જો યુદ્ધ અનિવાર્ય લાગે તો સુખેથી ક્ષત્રીય વંશને શોભે તેમ લડી લેજો. તું બે વરસે મ્હોટો છે એટલે જ તને હું પહેલો આગ્રહ કરૂં છું." અવન્તિપતિ ચંદ્રયશની સામે જોઈ તપસ્વિનીએ આ શબ્દો ઉચ્ચાર્યા.

"અને નમીરાજ! તું પણ જરા નીચે આવ!" નમીરાજને ઉદ્દેશી તે વધુ કંઈક બોલવા જતી હતી, પણ અતિ ભાવાવેગને લીધે તેનું ગળું રૂંધાયું. ભયંકર સ્વપ્ન જોઇને બાળક ધ્રુજી ઉઠે તેમ તે સ્હેજ કંપી; પણ બીજી જ પળે પોતે બે વીરપુત્રોની માતા છે એ વિચારે સ્વસ્થ બની.

મિથિલાપતિ અને અવન્તિપતિ હાથી ઉપરથી નીચે ઉતરે તેટલામાં તો ફરી એક લાંબુ ચિત્ર-પટ એ નારીની નજર આગળ થઇને પસાર થઈ ગયું. થોડી પળોમાં ભય, અભિમાન અને વાત્સલ્યના અસંખ્ય ભાવો એ સાધ્વી સ્રીના મ્હોં ઉપર આવીને ઉડી ગયા. કોનામાં એટલી અંતર્દષ્ટિ હોય કે અંતરના એ ગૂઢ ભાવોને ઉકેલી શકે?

ચંદ્રયશ અને નમીરાજ હાથીએથી ઉતરી, સાધ્વી નારી પાસે આવી ઉભા. સાધ્વીએ તેમને વાત્સલ્યની અમીદષ્ટિએ સત્કાર્યા. થોડી વાર સુધી બધે મૌનની શાંતિ પથરાઈ.

"સૂર્યના આવા નિર્મળ પ્રકાશમાં, આટલા બધા માણસોની હાજરીમાં મારે પોતાના જ કૂળની એક કલંકકથા ઉચ્ચારવી પડે એ કેટલી વિડંબના છે? તમે બન્ને રાજકુમારો એક જ માતા પિતાના સંતાનો છો, સહોદર બંધુઓ છો અને તમો ઉભયની માતા આજે તમારી સામે ઉભી છે; એટલું જ કહેવું બસ નહીં થાય?" તપસ્વિનીના એકેએક શબ્દમાં વાત્સલ્યની આર્દ્રતા અને ભયંકર સ્મૃતિની વેદના છુપાયેલી હતી.

"અવન્તિપતિ અને મિથિલાપતિ એક જ માતાપિતાનાં સંતાન હોય એ દેખીતી જ અસંભવિત વાત છે. તમે કદાચ ન જાણતા હો તો અમારી પાસેથી એટલું જાણી લ્યો કે અમે તો જન્મવેરીઓ, અવતરતાંની સાથે જ શત્રુતાને સંઘરી સાચવી રાખનારા રાજવંશીઓ. કોઈ આધ્યાત્મિક રહસ્ય કે ગત ભવની કથા કહેતા હો તો જૂદી વાત." નમીરાજ સ્વભાવે ઉગ્ર છે અને અશ્રદ્ધા તો પાલક પિતાના વારસામાં જ ઉતરી હશે એમ આ ઉદ્ગારે બતાવી આપ્યું.

"નહીં, વત્સ! હું ગતભવની કથા કહી તમારા ઉકળતા લોહીને અકાળે ઠારી દેવા નથી માગતી. તેમ કોઇ આધ્યાત્મિક રહસ્ય સુણાવી તમારી યૌવનસુલભ ઉદ્દામતાને અપંગ બનાવી દેવાની પણ મારી ઇચ્છા નથી. હું આ ભવની જ તમારી માતા છું અને ગઈ કાલના જ એક કારમા પ્રસંગનું રહસ્ય તમારી આગળ ખુલ્લું કરવા માગું છું."

"એમજ હોય તો પછી આટલા લાંબા વખત સુધી એ બધું છુપાવી રાખવામાં અને રહી રહીને આ મુહૂર્ત્તેજ ખુલ્લું કરવામાં તમારો શું આશય છે? ગમે તેવું પ્રિય કે અપ્રિય પણ જો તે સત્ય જ હોય તો શું વ્હેલામાં વ્હેલું પ્રકટ થવા યોગ્ય ન હતું?" અવન્તિરાજે વિનય સાથે આ શબ્દો ઉચ્ચાર્યા. તે પણ નમીરાજની જેમ જ શંકા અને આકાંક્ષાની સત્તા નીચે હતો એમ દેખાયું.

"દરેક સત્ય અનુકૂળ મુહૂર્ત્તની જ રાહ જોતું હોય છે. સત્ય એ કંઈ ઇંદ્રજાળ નથી કે 'પ્રકટ થાઓ' એમ કહેતાંની સાથે જ તે સામે આવી ખડું થઈ જાય. પરિપાક અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસવની વેદના તો તેને પણ હોય છે. હું પોતે પાંચ વરસ પહેલાં એ વાત કહેવા તમારી પાસે આવી હોત તો કદાચ તમે ઠંડે કલેજે સાંભળી લેત અને બહુબહુ તો એકાદ નિઃશ્વાસ નાખી પાછા રાજપ્રપંચની ગડમથલમાં પડી જાત. અંધારામાં આથડેલો અટવીનો પ્રવાસી જ પ્રકાશના પહેલાં કિરણનો મહિમા સમજે છે." એટલું કહી તપસ્વિનીએ પૂર્વ દિશા તરફ થોડે દૂર દેખાતી એક વૃક્ષઘટા તરફ જવા પગ ઉપાડ્યા.

"અને, બેટા ચંદ્રયશ! સાચી વાત ગમે ત્યારે કહી નાખવી એ શું તને એટલી બધી સ્હેલી વાત લાગે છે? આ વાત કહેતાં મારૂં હૃદય કેટલું વલોવાય છે તે એક માત્ર કેવલી ભગવાન સિવાય બીજું કોઈ જ સમજી શકે એમ નથી. એક માતાને પોતાના પુત્રો પાસે પોતાના જ કુટુંબની એક શરમભરી કથા કહેતાં કેટલી વેદના, કેટલી મુંઝવણ, કેટલો સંકોચ થતો હશે એની તો તમને કલ્પના સરખી પણ ક્યાંથી આવે?

જ્યોત્સ્નામયી રાત્રીએ, નિર્જન નદી કીનારે, દૂર દૂરથી તણાઈ આવતા વિરહસંગીતના સ્વરો, અંતરમાં જેવું તોફાન જગાવે અને છતાં જેમ જેમ સાંભળતા જઈએ તેમ તેમ પળે પળે મનોરમ મુંઝવણની સાથે મોહ પણ વધતો જાય એવી જ દશા આ બન્ને રાજવંશીઓ અનુભવી રહ્યા. તપસ્વિનીના વૃતાંતમાં તેમને કોઈ અકલ્પિત ઇતિહાસનો ભાસ થયો. પોતાની કુટુંબકથા સાંભળવાની, ચંદ્રયશ અને નમીરાજની ઉત્કંઠા વધતી ચાલી. તેઓ તપસ્વિનીને અનુસરતા, છાવણીથી થોડે દૂર એક નિર્જન સ્થાને ગયા અને માતાની સંમુખ પુત્રો બેસે તેમ સ્વસ્થપણે બેઠા.

તપસ્વિનીએ પણ હવે વધુ વિલંબ ન કરતાં પોતાની આત્મકથા કહેવી શરૂ કરી—

"બેટા ચંદ્રયશ! એ વખતે તો તું બહુ ન્હાનો હતો. પણ પાછળથી તેં તારી માતા—મદનરેખાનું નામ તો સાંભળ્યું હશે."

"હા, પણ મારી માતા મદનરેખા તો ઘણા વર્ષો થયાં એકાએક વૈરાગ્ય પામી, સંસાર તજી, પોતાની મેળે જ કોઇને કહ્યા વિના ચાલી નીકળેલી એમ સાંભળેલું." ચંદ્રયશ વચમાં જ બોલી ઉઠ્યો.

"બરાબર, પણ તે અર્ધસત્ય છે. પ્રતિષ્ઠિત ગણાતા રાજવંશ અને કુલીન કૂળની મર્યાદા મ્હોટે ભાગે એવાં અર્ધસત્યો ઉપર જ આધાર રાખતી હોય છે. એકાએક વૈરાગ્ય પામવાનું મને શું નિમિત્ત મળ્યું, એ જાણવાની કોઈ શા સારૂ દરકાર રાખે? અને કોઈ જાણતું હોય તો પણ એ ભૂલી જવા જેવી વાતોને શા સારૂ સદા સંભારી રાખે? હું પણ એ કહેવા તૈયાર ન થાત; પરંતુ બે પાડોશી રાજ્યો જો કોઇ દૈવી સંકેતે સ્થાયી ઐક્ય બંધને બંધાતાં હોય તો મારી એકલીની રાજી કે નારાજી કંઇ લેખામાં ન ગણાય."

મિથિલાપતિ નમીરાજ તો આમાંનો એક અક્ષર પણ ન્હોતો જાણતો. અવન્તિને મિથિલાનું જ એક અંગ બનાવી દેવું, અવન્તિનું નામ—નિશાન મીટાવી દેવું, અને અવન્તિનું રાજબીજ ભૂલેચૂકે પણ ક્યાંઇ મૂળ ન નાખે એ રાજમંત્ર તેના લોહીમાં મળી ગયો હતો. પોતે અવન્તિના જ રાજવંશનો એક કૂળદીપક છે એ રહસ્ય તેની બુદ્ધિ અને સંસ્કારથી અગમ્ય હતું. ચંદ્રયશ કરતાં તેની જીજ્ઞાસા હવે વધુ તીવ્ર બની.

"એ જ હું મદનરેખા—ચંદ્રયશ અને નમીરાજની માતા." એટલું કહેતાં તપસ્વિનીની આંખે અંધારાં આવ્યાં. તે ઘડીવાર થંભી. હૈયાને જાણે નીચોવતી હોય તેમ સખતાઇ તેના વદન ઉપર તરવરી.

"એક દિવસે તમારા પિતા—યુગબાહુ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસંતોત્સવ ઉજવવા ઉદ્યાનમાં ગયા. હું પણ છાયાની જેમ અનુસરતી તેમની સાથે ગઈ. મારાં પુણ્ય પરવાર્યાં હશે. બીજે દિવસે સવારે ઉઠીને મેં જોયું તો એમનું મસ્તક દેહથી છૂટું પડયું હતું. એક રાત્રીમાં જ કોણ જાણે કેટલાયે કઠણ યુગ વીતી ગયા હોય એમ લાગ્યું. પછી ત્યાંથી નાસી જૈન મુનિ પાસે જઈ સંસારત્યાગની આ દીક્ષા લઈ લીધી. મારા જીવનની આ મર્મકથા."

"કાયરની જેમ વધ કરનાર એ નરાધમ—" ચંદ્રયશ વધુ શું કહેવા જતો હતો તે મદનરેખા તરત જ સમજી ગઈ

"બેટા, પૂરી વાત પણ નથી સાંભળી શકતો? અરેરે" મદનરેખાએ કપાળ ઉપરનો પસીનો લૂછયો અને તેજ વખતે તેના અંતરમાંથી મહા પ્રયત્ને દાબી રાખેલી હાય છૂટી. "એ જો નરાધમ હોત અને એ પાપનો બદલો વેરથી, હિંસાથી કે પ્રેમથી લઈ શકાતો હોત તો પણ હું એક રીતે મન વાળી અવન્તિમાં પડી રહી, મારા મૃત્યુને સુધારી લેત. પણ જેને તું નરાધમ કહે છે તે બીજો કોઈ નહીં પણ અવન્તિનો પતિ અને મારો જ્યેષ્ઠ મણિપ્રભ પોતે જ હતો. દુનિયા તો તે વખતે પણ માત્ર એટલું જ સમજી શકી કે વસન્તોત્સવ રમતા યુગબાહુને કોઈ દુશ્મને ગુપ્તવેશે આવી ઉદ્યાનમાં—લતામંડપમાં મારી નાખ્યો અને અકસ્માત્ તેજ રાત્રીયે તેનો મોટો ભાઈ મણિપ્રભ પણ સર્પના દંશથી દેહપિંજર તજી ગયો.

"એ બન્ને વાતોમાં સત્યાંશ છે. પણ સંપૂર્ણ સત્ય તો એ કરતાંયે ઘણું ક્રૂર અને ભયંકર છે. ખરૂં કહું તો યુગબાહુ સ્વરૂપે કામદેવ સમાન છતાં સ્વભાવે અને ગુણે તો દેવો પણ તેની પૂજા કરવા પ્રેરાય એવા હતા તેમને કોઈ દુશ્મન જ ન હતો—જન્મથી જ અજાતશત્રુ હતા. કલંક કે નબળાઈની છાયા સરખી પણ એમને ન્હોતી સ્પર્શી. રાજવંશમાં જન્મવા છતાં તેમનો સંયમ અને સંતોષ કોઈ ત્યાગીજીવનને શોભે તેવો હતો. એમણે પોતેજ એક વાર સાધુધર્મની દીક્ષા લઈ, મૈત્રી પ્રમોદ કરૂણા અને માધ્યસ્થ્ય ભાવનાના ધર્મબીજની છૂટે હાથે સંસારભરમાં લ્હાણી કરવાના અભિલાષ દાખવ્યા હતા. પણ પરાગભર્યાં પુષ્પોનાં આયુષ્ હંમેશાં ટુંકા જ હોય એમ હું ન માની શકી. મેં જ તેમને દીક્ષા લેતા વાર્યા."

તપસ્વિની પાછી જરા થંભી. ચંદ્રયશ અને નમીરાજ પણ એ સાધ્વીના અસહ્ય સંતાપથી દાઝતા હોય એમ તેમના મ્હોં ઉપરની રતાશે સૂચવ્યું.

"મણિપ્રભને—મોટા ભાઈને, એવું શું કારણ મળ્યું કે તે પોતાનાજ નાના ભાઈનો વધ કરવા તૈયાર થયો?" નમિરાજે પૂછયું.

"એ કારણ તે હું પોતે—મારી વેરણ જેવી આ મારી રૂપશીખા. જો એ કઠોર સત્ય મને પહેલેથી જ સમજાયું હોત તો હું પોતે ગમે તે રીતે મારો માર્ગ શોધી લેત. એ સહોદરને અકાળ મૃત્યુથી બચાવી લેત. પણ આ ચૌદ રાજલોકમાં સામાન્ય સંસારીઓને અગમ્ય એવી જે કર્મની નિરંકુશ સત્તા વિસ્તરેલી છે તેની પાસે મારા જેવી દુર્બળ નારી શું કરી શકે? પહેલાં તો એમના તરફથી મૂલ્યવાન વસ્ત્રાલંકારોના ઉપહાર મારી પાસે અવારનવાર આવવા શરૂ થયા. સુંદર દેખાતાં પુષ્પોની નીચે હંમેશાં વિષધર સર્પ પથરાયેલા હોય એમ માની લેવાનું મને કંઈજ કારણ ન હતું. અને એવી અશ્રદ્ધા બીજા કોઈ પ્રત્યે નહીં અને પોતાના જ એક જ્યેષ્ઠ પ્રત્યે શી રીતે સંભવે? સંસારનાં કૂડ—કપટ અને પ્રપંચથી સાવ અનભિજ્ઞ મારા જેવી સ્ત્રી, એ ઉપહારમાં નિર્મળ મમતા સિવાય બીજું શું કલ્પે? પછી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યારે એક દિવસે એક દાસીએ એ મણિપ્રભનો પોતાનો મારી ઉપરનો, તેમની પાપવાસના પ્રગટ કરતો પત્ર મને પહોંચાડ્યો ત્યારે જ એ ઉપહારોનું યથાર્થ રહસ્ય સમજાયું. મારા દેવોપમ પતિનો ભાઈ-અવન્તિપતિ, વાસનાઓનો જ દાસ છે એ જાણી મારા જીવનનાં આમોદ અને ઉલ્લાસ એકાએક આથમી ગયાં. મેં એ કાગળનો કંઈ જવાબ ન આપ્યો. દાસીના દેખતાં જ કાગળ ચીરી નાખ્યો અને હવે પછી ઉંબરામાં પગ સુદ્ધાં ન મૂકવાનો હુકમ સંભળાવી દીધો. દાસી ચાલી ગઈ. પછી તેણે એક કુકર્મી કામીની જેમ એ અપમાનનું શી રીતે વેર લીધું એ તમને આરંભમાં જ હું કહી ચૂકી છું."

વર્ષાના ચડતા પૂર વીંધીને આવતો તરીયો, કાંઠે પહોંચ્યા પછી અતિશય થાકને લીધે એક છેલ્લો શ્વાસ ખેંચે તેમ મદનરેખાએ દીર્ઘ નિઃશ્વાસ મૂકયો. આત્મકથાની અડધી નદી તે તરી ચૂકી હતી

"પણ આ નમિરાજને જાણવા જેવી વાત તો હજી હવે કહેવાની છે. ભયભીત બનેલી હું ઉદ્યાનમાંથી નાસી અરણ્યમાં આવી. તાપસની કોઈ કુટીરમાં કે કોઈ સુરક્ષિત આશ્રમમાં પહોંચું તે પહેલાં જ માર્ગમાં, આ નમિકુમારનો જન્મ થયો. ભયંકર અરણ્યમાં મારી અને મારા આ તરતના જન્મેલા બાળકની શી દશા થશે તેની ચિંતામાં હું બેભાન બની. મૂર્છામાંથી જાગી ત્યારે વૃક્ષનાં સૂકાં પાંદડાંની બનાવેલી એક શય્યામાં પડી હતી. આ બધું શી રીતે બનવા પામ્યું તેની કલ્પના કરવા જેટલી શક્તિ પણ મારામાં ન્હોતી. હું અકળાઈને ચીસ પાડવા જતી હતી એટલામાં એક વયોવૃદ્ધ પુરૂષે મને એક પિતાની જેમ આશ્વાસન આપ્યું અને એજ બાળક ભવિષ્યમાં મિથિલાના સિંહાસનને શોભાવશે એમ કહ્યું. એ વખતે તો બહુ શ્રદ્ધાને લીધે મેં આગ્રહ ન કર્યો. પણ થોડા દિવસ પછી એ વૃદ્ધ તપસ્વીએ જ પહેલેથી માંડીને બધી વાત સમજાવી. મિથિલાપતિ પદ્મરથ નિઃસંતાન હતો અને તે ભાગ્યયોગે અજાણતાં આજ અરણ્યમાં આવી ચડ્યો હતો અને તે જ મારા નવા જન્મેલા બાળકને, મિથિલાના સિંહાસનની શૂન્યતા ટાળવા પાલક પિતા તરીકે પોતાની સાથે લઈ ગયો હતો એ બધું મને પાછળથી સમજાયું. મારો ખોવાયેલો બાળક તે આજનો આ મિથિલાપતિ નમિરાજ."

મદનરેખાએ આ છેલ્લા શબ્દો નમિરાજની સામે જોઈ ઉચ્ચાર્યા અને તેના નયનોમાંથી પ્રેમાશ્રુની ધારા વહી નીકળી નિર્મમ સૈનિક જેવો નમિરાજ, જે આજસુધી માતૃપ્રેમથી અજાણ્યો હતો તે માતાને ઉદ્દેશી ભક્તિભાવથી નમ્યો.

"નમિના રાજ્યમાં જ મેં આટલા દિવસો ગાળ્યા છે. એને કંઈ જાણ ન થવા પામે એવી રીતે દૂર દૂર રહીને મેં એનાં સુખ-કલ્યાણની અહોનિશ પ્રાર્થના કરી છે. મારે તો આખું વિશ્વ સંતાન સમું હોવું જોઈએ; છતાં નમિરાજ પ્રત્યેની એકતરફી મમતાને હું તજી શકી નથી. મારી એ નબળાઈનું મને પુરેપુરૂં ભાન છે. આવા જ કોઈ એકાદા પ્રસંગની રાહ જોતી મારા દિવસો વીતાવી રહી હતી. શુભ મુહૂર્તે નમિરાજને તેની યથાર્થ સ્થિતિ અને સ્વરૂપનું ભાન કરાવી મારે આ દેશ તજીને ચાલ્યા જવું એમ મેં ઘણા દિવસથી નિશ્ચય કરી રાખ્યો હતો. એ નિશ્ચય આજે સંપૂર્ણ થયો છે. અવન્તિપતિ અને મિથિલાપતિ એક જ માતાના સંતાનરૂપે પરસ્પર ભ્રાતૃભાવથી આલીંગે એ મારી દૂરદૂરની આશા આજે સાચી ઠરી છે."

મદનરેખાની આત્મકથા પૂરી થઈ અને થોડીવાર સુધી ભાવોનું જ એકાધિપત્ય પ્રવર્ત્યું.

નમિરાજ અને ચંદ્રયશે માતાને એકવાર-માત્ર એક જ દિવસ, પોતાને ત્યાં આવી જવા પ્રાર્થના કરી; પણ મદનરેખા માતૃહૃદયની નબળાઈ સમજતી હતી.

"અવન્તિ અને મિથિલાના મીલન-સ્વપ્ને મારા વ્રત અને આચારમાં કેટલી શિથિલતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આણી છે એ હું તમને શી રીતે સમજાવું ? દુર્બળતાના અણુઓથી ઘડાયેલું આ હૃદય પુત્ર અને પુત્રવધુઓના પરિવારમાં વધુ દુર્બળ બને તો હું આ લોક અને પરલોક પણ ખોઇ બેસું."

મમતાથી ભયભીત બનેલી માતા તે જ ક્ષણે ત્યાંથી ઉઠી અને અરણ્ય તરફ ચાલી નીકળી. તે અદૃશ્ય થઈ ત્યાં સુધી તેની પાછળ બન્ને પુત્રો મુગ્ધવત્ જાઈ રહ્યા.

યુદ્ધ બંધ રહ્યું. સૈન્યો વીખરાયાં અને નમીરાજે ચંદ્રયશની સાથે અવન્તિમાં જીંદગીમાં પહેલી જ વાર પ્રવેશ કર્યો.

અવન્તિ અને મિથિલા વચ્ચે ભીષણરૂપે ગર્જતો વિરોધનો સાગર સુકાયો અને બન્ને રાજ્યો આત્મીય સ્વજનની જેમ સૌહાર્દના બંધને બંધાયાં. પુરવાસીઓએ આ ઇતિહાસ જાણ્યા અને જાણે માનવભક્ષી રાક્ષસ, કોઈ એક જાદુગરના મંત્રબળે મૃત્યુની ચિરનિદ્રામાં પડ્યો હોય એમ માની આ દૈવપ્રેરિત શાંતિ ઉપર અંતરના આશીર્વાદ વરસાવ્યા.

× × ×

સંગીત બંધ પડે પણ તેના સૂર ઘણા વખત સુધી કાનમાં ગુંજ્યા કરે. સ્વપ્ન ઉડી જાય પણ તેની સ્મૃતિ ચિત્તને ઘણીવાર લગી બેચેન બનાવી મૂકે.

માતા મદનરેખા સૈનિકોના વ્યૂહ વચ્ચે સ્વપ્નની જેમ એકાએક ઉતરી આવી અને તરત જ અદૃશ્ય થઈ ગઈ. તેનો પ્રત્યેક શબ્દ આજે ચંદ્રયશના અંતરમાં, ઉદાસ બનાવી મૂકતા સંગીતના સૂરની જેમ ગુંજી રહ્યો છે. અસ્વસ્થ બનાવી રહ્યો છે.

યૌવનના ઉંબરામાં પગ મૂકતો અવન્તિપતિ એક જ દિવસમાં વૃદ્ધ જેવો બની ગયો. ભોગો-પભોગ અને રંગરાગમાંથી તેનો રસ ઉડી ગયો. રાજમહેલનો એક એક પત્થર જાણે મદનરેખાના વીતકની નજરે નીહાળેલી કહાણી સંભળાવી રહ્યો હોય અને પોતે જાણે કે વાસનાઓના કારાગારમાં બંદિવાન તરીકે પડયો હોય એમ મનમાં ને મનમાં મુંઝાવા લાગ્યો. સત્યનો પ્રખર પ્રકાશ જરા મોડો તેના મોં ઉપર પડ્યો હોત તો મૂર્છાવસ્થાનું સુખ તે ધરાઇને ભોગવી લેત. પ્રકાશનાં એ જ કિરણ ફેંકીને માતા ચાલી ગઈ, પણ ચંદ્રયશની ઉંઘ ઉડી ગઈ.

એક દિવસે ચંદ્રયશે નમિરાજને એકાંતમાં બોલાવીને કહ્યું:–"ભાઈ, સંસારનો કોઈ અકસ્માત્ કે ઉપસર્ગ અર્થ રહિત નથી એ હવે મને બરાબર સમજાયું છે. માતાની ઉપર જો આ દુઃખનું ઘોર વાદળ ન વર્ષ્યું હોત તો અવન્તિ અને મિથિલા કલેશની ભઠ્ઠીમાં સદા સળગતાં સળગતાં કાળાંતરે ભસ્મીભૂત બની નામશેષ થઈ જાત. આજે એ બે મહાન્ રાષ્ટ્રો ઐકયના બંધને બંધાવા પામ્યાં એ ખરી રીતે માતા મદનરેખાના જ પુણ્યબળ ને પવિત્રતાને આભારી છે."

"પણ એમાં રાતદિવસ વિચાર કરવા જેવું શું છે એ જ મને નથી કળાતું. એ તો એના જેવું છેઃ વૃક્ષની ડાળીએ એક સરસ ફળ ઝુલતું જોઇએ, તીર છોડીએ અને ફળ ટૂટીને પૃથ્વી ઉપર પડે એટલે વળી આગળ ચાલીએ. ફળ હાથમાં આવી ગયા પછી એ કેમ બન્યું, શા સારૂ બન્યું, એમ ન બન્યું હોત તો ? એવા વ્યર્થ વિચારો કરી શા સારૂ બળ્યા કરવું ?" નમિરાજ માત્ર વર્તમાનમાં જ મશગુલ હતો, સંસારને સુખધામ માનતો. વિચાર કરવા જેવું કે જીવ બાળવા જેવું કંઈ હોય એ તેની બુદ્ધિને અગોચર હતું.

"મહા મહેનતે મેળવેલું ફળ પાછું માટીમાં મળી ન જાય, તેનો સરસમાં સરસ ઉપયોગ થાય તે તો આપણે જોવું જોઇએ ને ? મારી અહોનિશની ચિંતા પણ એ જ છે. માતાના ઇતિહાસે મને બેચેન બનાવ્યો છે, છતાં મારૂં મ્હોટામાં મ્હોટું આશ્વાસન તો એ છે કે એ બલિદાન, અકસ્માત્ અને ઉપસર્ગમાંથી બે મહાન્ રાષ્ટ્રોનું ઐકય જન્મ્યું છે. એ ઐકય સ્થાયી સ્વરૂપ લે, એક મહાસામ્રાજ્યના મંડાણરૂપ બને તે માટે તે થોડું વધુ બલિદાન આપણી પાસે માગી લે છે અને મેં

(અનુસંધાન પેઈજ ૧૨૬ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોંધણી નંબર એફ ૩૭
ભાવનગર

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૩૩ના આસો વદિ અમાસના

| ફંડો અને જવાબદારીઓ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| ટ્રસ્ટ ફંડ તથા સ્થાપિત મિલકત | | |
| બીજા અંકિત કરેલા ફંડ : | | |
| ફંડના પરિશિષ્ટ મુજબ | ૧,૯૧,૭૭૭-૧૯ | |
| મકાન ઘસારા ફંડ : | | |
| ચાલુ સાલની જોગવાઈ | ૫,૦૦૦-૦૦ | |
| | | ૧,૯૬,૭૭૭-૧૯ |
| જવાબદારીઓ : | | |
| ખર્ચ પેટે | ૯૨૧-૦૬ | |
| અગાઉથી મળેલી રકમો પેટે | ૧૨,૩૩૬-૬૦ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે | ૧,૧૦૩-૦૦ | |
| અન્ય જવાબદારીઓ | ૩,૨૦૫-૬૯ | |
| | | ૧૭,૫૬૬-૩૫ |
| ઉપજ ખર્ચ ખાતું : | | |
| ગઈ સાલની બાકી જમા | ૪૩૪-૯૫ | |
| ઉમેરો : ચાલુ સાલનો વધારો આવક ખર્ચ ખાતા મુજબ | ૫૧૨-૩૨ | |
| | | ૯૪૭-૨૭ |
| સરવૈયા ફેરના | | ૦-૬૯ |
| કુલ રૂા... | | ૨,૧૫,૨૯૧-૫૦ |

ટ્રસ્ટીઓની સહી—(૧) શાહ ગુલાબચંદ લલ્લુભાઈ
(૨) રમણીકલાલ અમૃતલાલ શેઠ
(૩) હીરાલાલ ભાણજી
(૪) અમૃતલાલ રતીલાલ ભગતભાઈ
(૫) હિંમતલાલ અનોપચંદ મોતીવાળા

તા. ૨૪-૧-૭૮
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સભા–ભાવનગર
### રોજ પુરા થતાં વર્ષનું સરવૈયું

| મિલ્કત તથા લેણું | રૂ. પૈસા | રૂ. પૈસા |
|---|---|---|
| **સ્થાવર મિલ્કત :** | | |
| ગઈ સાલની બાકી | | ૧,૦૧,૮૨૧–૮૦ |
| **રોકાણો :** | | |
| મહાલક્ષ્મી મીલના શેરોમાં | | ૨૦૦–૦૦ |
| **ડેડસ્ટોક ફર્નીચર :** | | |
| ગઈ સાલની બાકી | ૪,૨૩૫–૦૦ | |
| ઉમેરો : વર્ષ દરમ્યાન ખરીદી | ૩૪૫–૦૦ | |
| | | ૪,૫૮૦–૦૦ |
| **માલ સ્ટોક :** | | |
| પુસ્તક સ્ટોક | | ૬,૪૩૦–૬૮ |
| **એડવાન્સીઝ :** | | |
| ભાવનગર ઇલેકટ્રીક કું. | | ૧૨૦–૦૦ |
| નોકરોને | ૮૪૮–૩૦ | |
| કોન્ટ્રાકટરોને પુસ્તકો તૈયાર કરવા માટે | ૧,૭૪૯–૧૨ | |
| બીજાઓને | ૨,૦૯૮–૬૬ | |
| | | ૪,૬૯૬–૩૮ |
| **વસુલ નહિ આવેલી આવક :** | | |
| ભાડું | ૩,૫૬૭–૫૭ | |
| | | ૩,૫૬૭–૫૭ |
| **રોકડ તથા અવેજ :** | | |
| બેંકમાં સેવીંગ્ઝ ખાતે | | |
| યુનીયન તથા દેના બેંક | ૧૨,૪૯૮–૪૬ | |
| બેંકમાં ફીકસ્ડ | ૮૧,૦૯૯–૪૦ | |
| મુનિમ દલીચંદ કુબેરદાસભાઇ પાસે | ૨૭૭–૨૧ | |
| | | ૯૩,૮૭૫–૦૭ |
| કુલ રૂ... | | ૨,૧૫,૨૯૧–૫૦ |

અમારા આ સાથેના આ જ તારીખના રીપોર્ટ મુજબ

ઉપરનું સરવૈયું અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટનાં ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

તા. ૨૪–૧–૭૮
ભાવનગર.

સંઘવી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોંધણી નંબર એફ ૩૭
ભાવનગર

# શ્રી જૈન આત્માનંદ

સંવત ૨૦૩૩ આસો વદી ૦)) ના રોજ

| આવક | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| ભાડા ખાતે :— | | ૯,૭૬૮-૦૦ |
| વ્યાજ ખાતે :— | | |
| બેન્કના ખાતા ઉપર | ૭ ૬૪૧-૬૨ | |
| | | ૭,૬૪૧-૬૨ |
| દાન :— | | |
| વેવીશાળ ભેટ આવક | | ૨,૬૩૩-૦૦ |
| બીજી આવક :— | | |
| પસ્તી વેચાણ આવક | ૮૧૫-૩૦ | |
| જાહેર ખબર આવક | ૨,૦૩૫-૦૦ | |
| વાર્ષિક મેમ્બર ફી | ૨૦-૦૦ | |
| અનામત પુસ્તક વેચાણ | ૩૮૩-૫૦ | |
| પુસ્તક વેચાણ નફો | ૨,૧૭૮-૦૦ | |
| જ્ઞાન આવક | ૧,૩૪૮-૧૩ | |
| | | ૬,૭૭૯-૯૩ |
| રીઝર્વ ફંડ ખાતેથી લાવ્યા | | ૩,૨૯૯-૮૭ |
| કુલ રૂા.... | | ૩૦,૧૨૨-૪૨ |

ટ્રસ્ટીઓની સહી—(૧) શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
(૨) રમણીકલાલ અમૃતલાલ શેઠ
(૩) હીરાલાલ ભાણજી
(૪) અમૃતલાલ રતીલાલ ભગતભાઇ
(૫) હિંમતલાલ અનોપચંદ મોતીવાળા

તા. ૨૪-૧-૭૮
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભા–ભાવનગર.

પૂરા થતા વર્ષનો આવક અને ખર્ચનો હિસાબ.

| ખર્ચ | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| મિલ્કત અંગેનો ખર્ચ :— | | |
| મ્યુનિસિપલ/ગવર્નમેન્ટ ટેક્ષ | ૧૮–૦૦ | |
| મરામત અને નિભાવ | ૧૩૧–૪૫ | |
| વીમો | ૪૬૯–૦૦ | |
| | | ૬૧૮–૪૫ |
| વહીવટી ખર્ચ :— | | ૫,૯૫૨–૮૩ |
| કાનુની ખર્ચ :— | | ૩૦૦–૦૦ |
| ઓડીટ ફી :— | | ૧૦૦–૦૦ |
| ફાળો અને ફી :— | | ૩૭૦–૭૬ |
| પરચુરણ ખર્ચ :— | | ૧,૦૬૪–૯૦ |
| રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલી રકમો :— | | ૬,૯૮૭–૫૯ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :— | | |
| (ઇ) બીજા ધર્માદા હેતુઓ | ૧૪,૨૧૫–૫૭ | |
| | | ૧૪,૨૧૫–૫૭ |
| વધારો સરવૈયામાં લઈ ગયા તે | | ૫૧૨–૩૨ |
| કુલ રૂા.... | | ૩૦,૧૨૨-૪૨ |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ.

તારીખ ૨૪–૧–૭૮
ભાવનગર.

સંઘવી એન્ડ કંપની
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન પેઈજ ૧૨૧થી શરૂ )
નિશ્ચય કર્યો છે કે હું મ્હોટો હોવાથી તેમજ મારા સ્વભાવ અને આશયને અનુકૂળ હોવાથી મારે જ આ અવન્તિની ગાદીએ મારા સહોદર એવા મિથિલાપતિને સ્થાપી, મારે જિન શાસનના ધોરી માર્ગે ચાલી નીકળવું."

એકવાર નમિરાજ પોતે જે અવન્તિપતિનો ઘાત કરવા તૈયાર હતો તે અવન્તિપતિના વિરાગના આ શબ્દો સાંભળી ઉદ્વિગ્ન થયો. નવી રાજઋદ્ધિ પ્રાપ્ત થવાથી તે ભલે સંતુષ્ટ હોય, પણ સહોદરના નિર્મળ પ્રેમભાવને ગુમાવવા તૈયાર ન હતો.

"જો, ભાઈ" ચંદ્રયશે વધુ સ્પષ્ટીકરણ કરતાં કહ્યું "તું હજી ન્હાનો છે-જન્મથી નહીં તો પણ ભાગ્યથી તેં મિથિલાની સમૃદ્ધિ મેળવી છે ખરેખર તું ભાગ્યશાળી છે–બળવાન્ છે અને મહેચ્છાઓથી પણ પરિપૂર્ણ છે. મિથિલા અને અવન્તિના સંયુક્ત શાસનનો પ્રતાપ તું આખા આર્યાવર્ત્તમાં ફેલાવી શકશે. માતાએ જે દુઃખ ને પરિતાપ વેઠ્યાં છે તેની પાસે મારો આ ત્યાગ તો કંઈજ વીસાતમાં નથી. અવન્તિ અને મિથિલા એક અને અભિન્ન રહે એ મારા જીવનની મહાકાંક્ષા આજે પાર પડી છે. સાધુ સમુદાયમાં રહ્યો રહ્યો પણ એ દેવવાંછિત દશ્ય નિહાળી મારા અંતરના આશિર્વાદ પ્રેરીશ."

નમિરાજે તરતમાં તો સંમતિ ન આપી. પણ જેમ જેમ દિવસો વીતતા ગયા અને ચંદ્રયશે ભોગ–વૈભવની વચમાં વસવા છતાં પોતાના જીવનને છેક વૈરાગ્યમય બનાવી મૂકયું ત્યારે જ નમિરાજે અવન્તિનું શાસન સંભાળી લઈ મ્હોટા ભાઈ ચંદ્રયશને મુનિધર્મના મહાવ્રત અંગીકાર કરવાની રાજીખુશીથી અનુમતિ આપી.

નમિરાજ જેટલો યુદ્ધવીર હતો તેટલો જ શૃંગારપ્રિય હતો. કાં તો તે સૈન્યનું સંચાલન કરતો હોય અને કાં તો હજારો રમણીઓથી વીંટળાઈ, ઉદ્યાનની એકાદ કુંજમાં રસપ્રમત્ત ભૃંગની જેમ પડ્યો હોય. એ સિવાય જીવનના નિર્દોષ રસ, આનંદ કે ઉલ્લાસથી સાવ અજ્ઞાત હતો.

છતાં તેના પ્રબળ પ્રતાપે આસપાસના ન્હાના-મ્હોટા સામંતો અને પ્રતિસ્પર્ધીઓને નિષ્પ્રભ બનાવી દીધા. નમિરાજ એ કોઈ મહા સમ્રાટ થવાને સર્જાયો હોય એવી તેની કીર્તિ-કથા દૂર દૂરના દેશોમાં પણ ફેલાઈ ગઈ.

રાગ અને વિરાગ વચ્ચે શોકયનો નહીં પણ સગી બહેનોના જેવો સંબંધ હોય છે, એ વાત વખત જતાં નમિરાજે પોતાના જીવનથી સત્ય કરી દાખવી. અતિ રંગરાગથી કંટાળેલો વિલાસી જ્યારે કંઈ જુદા જ પ્રકારની તૃપ્તિ કે શાંતિને માટે તલસતો હોય છે ત્યારે વિરાગ પોતે સામે આવી. તેને સ્નેહથી સ્પર્શે છે, આલીંગે છે અને ઊંડી તૃપ્તિ ઉપજતાં સુધી તેની પાછળ ને પાછળ ફરતી રહી સતી સન્નારીની જેમ સ્વસ્થતાના ગર્ભાગારમાં લઈ જાય છે.

નમિરાજ પણ એક દિવસ નિત્યના વિનોદ વિલાસ અને શૃંગારથી થાકયો–કંટાળ્યો. રમણીઓનાં જે નૂપુર ઝંકાર અને કંકણધ્વની તેને સંસારના સારભૂત લાગતાં તે જ ઝંકાર અને ધ્વની તેને હવે અકારાં થઈ પડ્યાં.

સવીર્યતા કોઈ દિવસ વચલો માર્ગ નથી સ્વીકારતી "ધીમે ધીમે–ક્રમે ક્રમે" એ પ્રકારના સંસારના કહેવાતા ડહાપણ સામે તે બળવા જ કરતી આવી છે. નમિરાજે પણ વચલો માર્ગ પસંદ ન કર્યો. એક દિવસે અતુલ રાજવૈભવ અને દુર્ભેદ્ય મોહજાળને તોડી, પ્રપંચને સામે પાર પહોંચી ગયો, દેવતાઓએ તેની વિરાગ-દશાની દ્રઢતા કસવા ઘણા ઘણા ઉપસર્ગો કર્યા, પણ એક વખતનો બળવાન્ મગધપતિ એ અનુકૂળ તેમજ પ્રતિકૂળ ઉપસર્ગ વચ્ચે પણ મેરૂશિખરની જેમ અડગ, અચળ અને અડોલ રહ્યો નમિરાજ રાજા મટી રાજર્ષિ તરીકે વિશ્વવંદ્ય બન્યા.

સ્વયં મહાવીર ભગવાન્ જે રાજર્ષિના શ્રદ્ધાબળ અને ત્યાગબળને પ્રશંસે તેની આત્મદશા કેટલી ઉન્નત, ભવ્ય અને વંદનીય હશે? રાગમાંથી જન્મેલો વિરાગ, પંકમાંથી જન્મતા પંકજની જેમ કેટલો મનોરમ લાગે છે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## ભાવનગરથી નીકળેલ તીર્થાધિરાજ સિદ્ધગિરિની યાત્રા બસો

કલ્યાણકોના સમૂહથી પુનિત, કૈવલ્યજ્ઞાનના સ્રોતને વહાવનારો એ દિવસ હતો ચૈત્ર શુદ પુનમનો. જેના નામથી અંતરના અજવાળા પ્રકાશી ઊઠે તે પવિત્ર દિવસે બે બસ દ્વારા યાત્રાર્થે સવારના ૬-૩૦ વાગે પ્રયાણ શરૂ કર્યું. યાત્રાની ભક્તિ કરાવનાર કંથારિયાવાસી સલોત પોપટલાલ રવજીભાઈએ પ્રથમ પુન્યશાળી યાત્રિકોનું સંઘપૂજન કર્યું. સમયસર મહારાષ્ટ્રભવન પહોંચતા, કુંડલા નીવાસી અગ્રગણ્ય ગૃહસ્થોએ પોપટભાઈનું ફૂલહારોથી દ્વાર પર સ્વાગત કર્યું અને જૈન શાસનની જયથી વાતાવરણ ગુંજી રહ્યું.

ચા પાણી, નાસ્તો કરી સહુ ગિરિરાજને ભેટવા આગળ વધ્યા. સાધુ સંતોની ભક્તિથી મન પુલકિત હતું. સિદ્ધગિરિ ઉપર ઉલ્લાસપૂર્વક કરેલ દર્શન, પૂજન, ભક્તિથી સર્વના હૃદય આનંદ વિભોર બનેલ હતાં. સૂર્યના પ્રચંડ મિજાજનો ખ્યાલ કોઈને રહ્યો ન હતો. ભાવપૂર્વક ને અનુમોદનાપૂર્વક યાત્રા સફળ બનાવી, મહારાષ્ટ્ર ભવનમાં આવી પહોંચ્યા. સહુ ભોજન વિધિ પૂર્ણ કરી કે તરત જ કુંડલાના જૈન શાસનની સુઘોષા બજાવવામાં તત્પર શેઠિયાઓએ સંઘ-પૂજન કર્યું. અનુમોદનાની સુરાવલી બજાવી. ચા પાણીનો કાર્યક્રમ પત્યા બાદ શત્રુંજી ડેમ તરફ પ્રયાણ કર્યું. ખૂબ ભક્તિપૂર્વક પાર્શ્વનાથ પ્રભુને વાંદ્યા. પ્રભુની અનેરી કાંતિ, તેજસ્વિતાથી અજ્ઞાન તિમિરના ઓઘ ઠેલાયા.

ત્યાર બાદ પોપટભાઈના શ્વસુર પક્ષ જેચંદ હરિચંદ તરફથી તેમજ તેમના સાઢુભાઈ હિમતલાલ તરફથી એમ બે સંઘપૂજન થયાં. આરતિ અને મંગળ દીપકની ઉછામણી આહ્‌લાદક બની, તેના લાભથી યાત્રિકોના મન વિશેષ પ્રફુલ્લિત બન્યાં. સહૂના હૃદયમાંથી એક જ સૂર ઊઠતો હતો. કેવી આહ્‌લાદક, પ્રેરણાત્મક પુનિત પાવની યાત્રા !

## જૈન આગમ ગ્રંથોમાંથી આપણને ઘણી પ્રેરણા મળે છે: (શેઠ શ્રી કસ્તુરભાઈ)

" એકજ સદીમાં જૈન આગમ ગ્રંથો ઉપર ત્રણ ત્રણ વિભૂતિઓએ જે સંશોધન કર્યું છે એ આપણા યુગની એક વિશેષતા અને ગૌરવ છે. " જાણીતા ઉદ્યોગપતિ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ શંખેશ્વર મુકામે વિદ્વાન જૈન મુનિ શ્રી જંબુવિજયજી મહારાજના સંશોધનો સાથે તૈયાર થયેલ અને લાલ સુંદરલાલજી જૈન આગમ પ્રકાશન દ્વારા પ્રકાશિત થયેલ જૈન આગમ સૂત્રો આચારાંગ સૂત્ર અને સૂત્રકૃતાંગ સૂત્રના પ્રકાશનને ખુલ્લું મુકતાં ઉચ્ચાર્યા હતાં.

શેઠ શ્રી કસ્તુરભાઈએ મુનિશ્રી જંબુવિજયજીની વિદ્વતા અને સંશોધન શક્તિને બિરદાવતાં કહ્યું કે આજે જૈન સાધુ સમાજ કે ગૃહસ્થ સમાજમાંથી પરદેશોના વિદ્વાન સમૂહમાં કોઈનું નામ પ્રસિદ્ધિ પામ્યું હોય તો તે મુનિ શ્રી જંબુવિજયજીનું છે.

આગમ ગ્રંથોની અનિવાર્યતા ઉપર પ્રકાશ પાડતાં શેઠ શ્રી કસ્તુરભાઈએ કહ્યું કે જૈન આગમ સાહિત્યમાંથી આપણને ઘણી ઘણી પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે છે. એટલે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગમોનું સંશોધન અને પ્રકાશનકામ ઘણું મહત્ત્વનું છે. આ માટે પૂજ્ય મુનિશ્રી અને લાલા સુંદરલાલજી જૈન આગમ પ્રકાશન સંસ્થા ધન્યવાદને પાત્ર છે.

આ પ્રસંગે મુનિ શ્રી જંબુવિજયજીમહારાજે સંશોધન કાર્યના પોતાના પુરોગામી શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ તથા મુનિ શ્રી પુન્યવિજયજી મહારાજના વર્ષો પૂર્વેના આ મહાન કાર્યને બિરદાવતાં કહ્યું કે આજે જે આગમ સાહિત્ય આપણે માટે સુલભ બન્યું છે, તે એમને આભારી છે.

આ પ્રસંગે જૈન આચાર્ય શ્રી કલાપ્રભ મહારાજ તથા પંડિત મફતલાલભાઇ, ડૉ. શ્રી. દલસુખ માલવણીયા તથા અન્ય કેટલાક વિદ્વાનોએ પ્રાસંગિક ઉદ્બોધનો કર્યા હતા.

卐

## તામિલનાડુ રાજ્યમાં કતલખાના થનાર છે તેનો વિરોધ કરવા તથા ત્રિચીનાપલ્લીમાં જૈન સાધુઓ ઉપર હુમલો થયેલ તેને માટે ન્યાયી તપાસની માગણી કરવા મુંબઈમાં સમગ્ર જૈનોની મળેલ જાહેર સભા

તામિલનાડુ રાજ્યના મદ્રાસ તથા તુટીકોરીન ખાતે વિશ્વબેંકની આર્થિક સહાયથી ૩૦ કરોડના ખર્ચે ઘેટાઓને ઉછેરીને તેના માંસની નિકાસ વિદેશોમાં કરવા માટે કતલખાનાની યોજના તૈયાર થઈ છે. તેનો વિરોધ કરવા તેમજ જૈન દિગમ્બર આચાર્યશ્રી નિર્મળસાગરજી અને બે સાધુઓ તથા શ્રાવકો ઉપર ત્રિચીનાપલ્લીના લોકોએ પ્રાણઘાતક હુમલો કરેલ છે, તેને વખોડી કાઢવા અને જૈનોનો અવાજ સરકારમાં પહોંચાડી ન્યાયી તપાસ કરવાની માંગણી માટે રવિવાર, તા. ૧૯–૩–૧૯૭૮ના રોજ શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં પૂજ્ય આચાર્યશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી ( ડેલાવાળા ) તથા પૂજ્ય આચાર્યશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં ચારેય ફિરકાની સંસ્થાઓ અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, અ. ભા. દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર કમિટિ, અ. ભા. શ્વે. સ્થાનકવાસી કોન્ફરન્સ, શ્રી જૈન શ્વે. તેરાપંથી સભા અને શ્રી ભારત જૈન મહામંડળના ઉપક્રમે સમગ્ર જૈનોની જાહેર સભા મળી હતી. જેમાં નીચે મુજબ ઠરાવો થયા હતા :

**ઠરાવ નં. ૧ :**—વિશ્વબેંકની આર્થિક સહાયથી ૩૦ કરોડના ખર્ચે તામિલનાડુ રાજ્યમાં તુટીકોરીન અને મદ્રાસ એ બે શહેરોમાં ઘેટાઓને ઉછેરીને તેની કતલ માટે "મોડર્ન સ્લોટર હાઉસ"ની યોજના તામિલનાડુ સરકારે તૈયાર કરી છે. આ યોજનામાં ઘેટાઓનો ઉછેર દુધ માટે નહિં પણ કતલ કરી તેનું માંસ વિદેશોમાં નિકાસ કરવા માટે થશે. આવા પ્રકારની યોજના ભારતમાં આ પહેલી જ છે.

નિર્દોષ અને દેશની કિંમતી સંપત્તિ સમાન લાખો ઘેટાની કતલને નિરંતર ચાલુ રાખનાર આ યોજનાનો સમગ્ર જૈન સમાજની પ્રતિનિધિ સંસ્થાઓ શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી અખિલ ભારતવર્ષીય દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર કમિટિ, શ્રી અખિલ ભારતીય શ્વે. સ્થાનકવાસી કોન્ફરન્સ, શ્રી જૈન શ્વેતામ્બર તેરાપંથી સભા અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ભારત જૈન મહામંડળના ઉપક્રમે પૂજ્ય આચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસુરીશ્વરજી મહારાજ (ડેલાવાલા) તથા પૂજ્ય આચાર્યશ્રી વિજયલબ્ધિસુરીશ્વરજી મહારાજ આદિ શ્રમણુ ભગવંતોની શુભ નિશ્રામા મુંબઈના શ્રી ગોડીજી ઉપાશ્રયમાં આજરોજ રવિવાર તા. ૧૯-૩-૧૯૭૮ના રોજ મળેલ સમગ્ર જૈનોની આ સભા વિરોધ કરે છે વધુમાં અહિંસા અને સત્યના રાષ્ટ્રીય પ્રતિકોના અપમાનરૂપ પશુ જીવને રક્ષણુ આપતી રાષ્ટ્રીય બંધારણુની કલમ-૪૮નો અનાદર કરતી આ યોજના પડતી મુકવા આ સભા ભારત સરકારને વિનંતી કરે છે કે આર્ય-સંસ્કૃતિના મર્મસ્થાનને વિંધનારી અને રાષ્ટ્રના અહિંસાત્મક સંગઠનો ઉપર કુઠારાઘાત કરી ધાર્મિક પ્રજાના મનને દુભાવનારી આ ભયંકર યોજના પડતી મુકવાની વહેલી તકે જાહેરાત કરવા આ સભા અનુરોધ કરે છે અને દરેક અહિંસાપ્રેમી વ્યાપક પ્રમાણુમાં આ યોજનાનો વિરોધ કરે તેવી અપિલ કરે છે.

**ઠરાવ નં. ૨** :—તામિલનાડુના ત્રિચીનાપલ્લીના લોકોએ તા. ૪-૧-૧૯૭૮ના રોજ જૈન દિગમ્બર આચાર્યશ્રી નિર્મળસાગરજી અને બીજા બે સાધુઓ તથા શ્રાવકો ઉપર "દ્રવિક મુનેત્ર કળગમ"ના ઝંડા સાથે હજારો યુવકોએ જાફરશા સ્ટ્રીટમાં આવેલ જૈન સ્થાનકમાં ઘુસીને પત્થરો ફેંકવા સાથે પ્રાણુઘાતક હુમલો કરેલ છે.

આ શરમજનક ઘટનાનો સમગ્ર જૈન સમાજની પ્રતિનિધિ સંસ્થાઓ અ. ભા. જૈન શ્વેતામ્બર કો-ફરન્સ, અખિલ ભારતવર્ષીય દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર કમિટિ, અ. ભા. શ્વે. સ્થા. કોન્ફરન્સ, શ્રી જૈન શ્વેતામ્બર તેરાપંથી સભા અને શ્રી ભારત મહામંડળના ઉપક્રમે પૂજ્ય આચાર્યશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ (ડેલાવાળા) તથા પૂજ્ય આચાર્યશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ આદિ શ્રમણુ ભગવંતોની શુભ નિશ્રામાં મુંબઈના ગોડીજી ઉપાશ્રયમાં આજરોજ રવિવાર તા. ૧૯-૩-૧૯૭૮ના રોજ મળેલ સમગ્ર જૈનોની આ સભા વખોડી કાઢે છે.

આ દુષ્કૃત્ય સામે આજની સમગ્ર જૈનોની સભા વિરોધ કરવા સાથે વખોડી કાઢે છે. અને ન્યાયી તપાસ કરવાની પુનઃ ભારત સરકારને વિજ્ઞપ્તિ કરે છે.

卐

## કલકત્તામાં દિક્ષાર્થી બહેનનું સન્માન

સંસારની અસારતા હૈયે વસાવી ચારિત્રના પંથે પ્રયાણુની તૈયારી કરતા બહેન કલ્પનાબેનનું સન્માન કરવાનો શ્રી સંઘનો મેળાવડો યોજાયો હતો. તેમાં જુદી જુદી વ્યક્તિઓએ ગુણાનુવાદ કર્યા પછી શ્રી મણીભાઈ વનમાળીદાસે સંયમની સાધના અંગે પ્રેરક પ્રવચન કરેલ હતું. બેનની ઉંમર ૨૪ વર્ષની, કોલેજનું શિક્ષણુ પછી ધાર્મિક અભ્યાસ પણુ પ્રશંસનિય, તપશ્ચર્યા તેને પ્રાણુ સમાન. વર્ષીતપ, કર્મસુદન તપ, નવપદની ઓળીઓ, વર્ધમાન તપ, અઠ્ઠાઈ તપ, સિદ્ધિતપ વિગેરે. પૂ. સાધ્વીજીશ્રી ફાલ્ગુના મહારાજના સંપર્કમાં આવી સંયમના રંગે રંગાયા હતા.

તેઓની દિક્ષા અમદાવાદમાં આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિશ્વરજી મ.ની નિશ્રામાં વૈશાખ સુદ ૫ ના રોજ અતિ માંગલિક વાતાવરણુમાં થઈ ગઈ. શાસન દેવ સદા સહાયભૂત રહો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્વદ્વર્ય

શ્રી જૈન આત્માનંદ સભાના માજી પ્રમુખ

# શ્રી ખીમચંદભાઈ ચાંપશી શાહની જીવન-ઝરમર

એ હતી ૧૯૫૩ના ફાલ્ગુન વદી નવમી, જ્યારે તેમણે સૂર્યના પ્રથમ રશ્મિના દર્શન કીધા. ગૌરવવંતુ લીંબડી તેમનું જન્મસ્થાન. પુષ્પકલિની સૌરભ છૂપી રહે ખરી? બાલ્યકાળથી જ વિદ્યાભ્યાસમાં તેજસ્વિતા ચમકી ઉઠી. તેમની સુવાસે શિક્ષકગણના પ્રેમને આકર્ષી લીધો. અનુસ્નાતક સુધીના શિક્ષણ ને ઘડતરમાં પાલીતાણા તેમજ ભાવનગરે પૂરો ફાળો નોંધાવ્યો. જ્ઞાનપિપાસુને જ્ઞાનદાતા બનવાના કોડ જાગ્યા ને તેમણે સિંધ-હૈદ્રાબાદ કોલેજના ગણિતના મુખ્ય પ્રાધ્યાપકપદને શોભાવ્યું. અનુપમ શિક્ષણશૈલી અને વિષય પરની જોરદાર પકડથી વિદ્યાર્થી આલમમાં પ્રશંસનીય વ્યક્તિ બની ગયા. તેમની સફળતાની કુંચી વિદ્યાર્થી-પ્રેમ, સંતોષ, કાર્ય ધગશ અને જીવણવટભરી દૃષ્ટિ હતા. તેની ફળશ્રુતિ હતી સૌરાષ્ટ્ર રાજ્યની લોકપ્રિય સરકારના કેળવણી ખાતાનું સેક્રેટરીપદ. અહીં પણ યશકલગીની મહોર સાંપડી.

સંવત ૨૦૦૮માં શાહ સાહેબે આર્થિક ઝગમગાટવાળા સ્થાનને લાત મારી, સેવાર્થે નિવૃત્તિ સ્વીકારી. શ્રીમતી નર્મદાબેન ચત્રભુજ ગાંધી મહિલા કોલેજના માનદ્ પ્રિન્સિપાલ તરીકે સેવા આપી અને તે પણ વર્ષો સુધી. સરસ્વતીના ઉપાસકોના જીવન ઘડતરમાં ફાળો અર્પતા તેઓ પોતાનાં જીવનને ધન્ય માનતા.

એક શુભ દિવસે સહધાર્મિક ભાઈઓની સેવા માટે અણમોલ તક ઉપસ્થિત થઈ અને ખૂબ હર્ષપૂર્વક શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘનું ઉપપ્રમુખ પદ સંભાળી લીધું. નેકદિલથી અનુપમ સેવા અર્પી સંસ્થાના ઉત્કર્ષમાં સારો એવો ફાળો આપ્યો. દાદા સાહેબ જૈન બોર્ડિંગ પણ તેમની સેવા મેળવીને પ્રગતિના સોપાન સર કરતી બની. વિદ્યાના પુણ્યશાળી ઉપાસક, જ્ઞાનના ક્ષેત્રે કોઈ ઝળહળતી જ્યોત જગાવવા તલપાપડ બની ગયા હતા ત્યારે જ ૨૦૦૨ની સાલમાં આત્માનંદ સભાએ તેમને ઉપપ્રમુખપદ ભેટ ધર્યું. ૨૦૧૪માં પ્રમુખપદ સંભાળ્યું. આ ધન્ય પળને તેમણે હૃદયના ઉલ્લાસથી વધાવી. વિદ્યાનો મસ્ત મયૂર થનગની ઉઠ્યો. જાણે વર્ષાના વધામણાં! તેની ફલશ્રુતિરૂપ બન્યું "આત્માનંદ પ્રકાશ"નું આકર્ષક હૃદયંગમ સ્વરૂપ. ધન્ય છે તેમની ઉદાર ભાવના. અવિરત શ્રમ વિદ્યાવ્યાસંગ વૃત્તિને! હસ્તપ્રતોના સુંદર પ્રકાશનો ને ભાષાંતરો તેમને આભારી છે, પરિણામે જૈન તેમજ જૈનેતર સમાજમાં દેશ-પરદેશમાં સભાની કીર્તિમાં ઓર વધારો થયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મન પ્રફુલ્લીત હતું. પણ વય શરીરના પુદ્‌ગલો ઉપર પકડ જમાવતી હતી. તેથી સં. ૨૦૩૧માં પ્રમુખપદેથી રાજીનામું આપ્યું. છતાં જ્ઞાનની ઝંખના સરિતામાં ઓટ દેખાતી ન હતી. તેમની સાથેના વાર્તાલાપની થોડીક ક્ષણમાં સરિતામાં ભરતીની ખુમારી દૃષ્ટિગોચર થતી. શ્રી આત્માનંદ સભાનો ઉત્કર્ષ હૈયે વસી રહ્યો હતો અને ધર્મ ઉપર સાચી શ્રદ્ધા-સેવાથી નિવૃત્તિમાં નવકાર મંત્રનો જાપ તેના પ્રાણસમ બન્યો હતો. પુષ્પ ખીલે, મઘમઘતો પમરાટ પ્રસારે, સૌરભનો લાભ અનેકને આપ્યો, આવું ઉત્તમ જીવન જીવી જાણ્યું. ભલે પુષ્પ ગયું પણ તેની સૌરભ અનેકને પ્રેરણાદાતા બનશે એ નિઃશંક છે.

તેઓશ્રીનો આત્મા શાશ્વત શાંતિ પામે તેવી શાસનદેવ પ્રત્યે અભ્યર્થના.

શાહ ગુલાબચંદ લલુભાઇ

## શોકાંજલિ સભા

માજી પ્રમુખ શ્રી ખીમચંદભાઈને શોકાંજલિ અર્પવા શ્રી જૈન આત્માનંદ સભાની સામાન્ય સભા તા. ૧૪-૫-૭૮ના રોજ સંસ્થાના સભાગૃહમાં મળી હતી.

પ્રમુખશ્રી ગુલાબચંદ લલુભાઇ શાહે તેમના જીવનની અનેકવિધ પ્રવૃત્તિઓ અને સેવાને બિરદાવી હતી. તેમની વિદ્વતા, વિવેકશીલતા, સાદાઇ વિગેરે અનેક ઉમદા ગુણોને ભૂરિભૂરિ પ્રશંસાથી નવાજ્યા હતા ત્યાર બાદ ઉપપ્રમુખ શ્રી હિરાલાલ ભાણજીભાઈ શાહે આ મહાન આત્માએ જ્ઞાનક્ષેત્રે અર્પેલી સેવાનું ઝીણવટભર્યું બ્યાન આપ્યું હતું. તેમની ગૌરવવંતી પ્રતિભાનું વાસ્તવિક ને હુબહુ ચિત્રણ કર્યું હતું.

અન્ય વક્તાઓએ પણ તેમની સેવા માટે અહોભાવ વ્યક્ત કર્યા હતાં ત્યારબાદ પ્રમુખ-સ્થાનેથી શોક ઠરાવ પેશ થયો હતો. મહાન પ્રભાવિક નવકારમંત્રના સ્મરણ સાથે મૂક પ્રાર્થના કરી તેમના આત્માને ચિર શાંતિ ઇચ્છી હતી.

**શોક ઠરાવ :—**શ્રી જૈન આત્માનંદ સભાના માજી પ્રમુખ, શિક્ષણ સેવાના આજીવન ભેખધારી, શામળદાસ કોલેજના ગણિતના નિવૃત્ત પ્રાધ્યાપક, શ્રીમતી નર્મદાબાઈ ચત્રભુજ ગાંધી મહીલા કોલેજના માનદ્ પ્રિન્સીપાલ, શ્રી. ખીમચંદભાઈ ચાંપશીભાઇ શાહના તા. ૮-૫-૧૯૭૮ ના રોજ થયેલ દુઃખદ અવસાન અંગે તા. ૧૪-૫-૧૯૭૮ રવિવારના રોજ મળેલ શ્રી જૈન આત્માનંદ સભાની જનરલ મીટીંગ ખૂબ જ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરે છે. જૈન ધર્મના અમૂલ્ય ગ્રંથોના સંપાદનમાં તેઓશ્રીનો ફાળો અપૂર્વ હતો. અનેક વિધ ક્ષેત્રે તેઓની સેવા જેવી કે-શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘના ઉપપ્રમુખપદેથી અર્પેલી સેવા, શ્રી. ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘનાં પ્રતિનીધી તરીકે શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીમાં મેમ્બર તરીકે અર્પેલી સેવા, વિદ્યાલયોના પ્રિન્સીપાલ તરીકેની સેવા ચિરસ્મરણીય બની છે. તેમનો સદા આનંદી, અને માયાળુ સ્વભાવ, અવિરત વિદ્યોપાસના, કર્તવ્યપરાયણતા, સાદાઇ, અને સચ્ચાઇ, બેનમૂન હતા તેમજ અન્યને પ્રેરણાદાયી હતા. આવી મહાન વિભુતિના દિવંગતથી શ્રી જૈન આત્માનંદ સભાને, તેમજ જૈન સમાજને ન પુરાય તેવી ખોટ પડી છે. આ ભવ્ય આત્મા હંમેશની ચિરશાંતિ અનુભવે તેવી શ્રી શાશનદેવ પ્રત્યે અભ્યર્થના. શાંતિ શાંતિ શાંતિ.

બુદ્ધિસિંહજી જૈન પાઠશાળા-પાલીતાણા, શ્રી સિદ્ધક્ષેત્ર જૈન મોટી ટોળી-પાલીતાણા, શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિર-પાલીતાણા, શ્રી વિશાલ જૈન કલા સંસ્થાન-પાલીતાણા વગેરે સંસ્થાઓએ સેવાના ભેખધારી શાહ સાહેબને શોકાંજલી અર્પતા ઠરાવો કર્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નવા ચુંટાયેલા ખજાનચી

શ્રી પ્રમોદભાઈ ખીમચંદભાઈ શાહ (M.A., B.Com.:L.L.B.)ની તા. ૩૦–૪–૭૮ના રોજ વ્યવસ્થાપક સમિતિમાં સર્વાનુમતે શ્રી જૈન આત્માનંદ સભાના ખજાનચી તરીકે ચૂંટવામાં આવેલ છે. તેઓ સભાના માજી પ્રમુખ સ્વ. શ્રી ખીમચંદ ચાંપશી શાહના સુપુત્ર છે. સભાના લઈફ મેમ્બર છે અને વ્યવસ્થાપક કમિટિના મેમ્બર પણ છે. તેઓશ્રીને આ સ્થાન સ્વીકારવા માટે અભિનંદન.



## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમ પૂજ્ય વિદ્વાન

**મુનિરાજશ્રી જંબુવિજયજીના**

વરદ્ હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# ‘દ્વાદશારં નયચક્રમ્ દ્વિતીય ભાગ’

બહાર પડી ચૂક્યો છે, વેચાણ શરૂ થઈ ગયેલ છે.

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્દભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવો જોઇએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે–

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ ‘દ્વાદશારં નયચક્રમ્’ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

**ડૉ. આદિનાથ ને.** ઉપાધ્યે જણાવે છે કે–મુનિશ્રી જંબુવિજયજીની આ આવૃત્તિની પોતાની અનેક વિશેષતાઓ છે. શ્રી જંબુવિજયજીએ મૂળ ગ્રંથનો વિગતપૂર્ણ અભ્યાસ કરેલ છે. તેમણે લખેલી ટિપ્પણીઓ મહત્વપૂર્ણ અને વિદ્વતા ભરેલી છે, સંશોધનની દૃષ્ટિથી મૂલ્યવાન છે. ન્યાયગ્રંથની એક આદર્શ રીતે સંપાદિત આવૃત્તિ માટે હું મુનિશ્રી જંબુવિજયજીને મારા આદરપૂર્ણ અભિનંદનોથી નવાજું છું.

(કીંમત રૂ. ૪૦–૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, **ભાવનગર**


તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી:

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય, દાણાપીઠ : ભાવનગર

For Private And Personal Use Only